RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 209, Dt.21-11-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# લાંચ અને છેતરપિંડી બદલ ગૌતમ અદાણી સામે અમેરિકામાં કેસ

## અદાણી ગ્રીન એનર્જી દ્વારા અમેરિકી બેન્કો અને રોકાણકારો પાસેથી ત્રણ બીલીયન ડોલરનું ધીરાણ મેળવામાં ફ્રોડ કરાર્યોઃ દેશના ટોચના કોર્પોરેટ ગ્રુપના વડા હીડનબર્ગ વિવાદ બાદ વધુ ગંભીર મુશ્કેલીમાં ફસાયા

**મુખ્ય સમાચાર, મુંબઈ**

દેશના કોર્પોરેટથી લઈ રાજકીય ક્ષેત્રમાં જબરા ધડાકામાં દેશના ટોચના ઉદ્યોગપતિ અને વિશ્વના ધનવાનોમાં સ્થાન ધરાવતા ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સહિત સાત લોકો સામે ન્યુર્યોકની ફેડરલ કોર્ટમાં ભારતમાં ગ્રીન એનર્જી પ્રોજેક્ટ માટે કોન્ટ્રાક્ટ મેળવવા ભારતીય અધિકારીઓને રૂા.૨૨૬૮ કરોડની લાંચ ઓફર કરવાનો અને આ મુદ્દે અમેરિકી સહિત વિદેશી રોકાણકારો અને બેન્કો સાથે ખોટું બોલવાનો અને છેતરપીંડી કરવાનો આરોપ મુકાયો છે અને તેના પરથી ન્યુર્યોકની ફેડરલ બેન્કે ગૌતમ અદાણી અને તેના ભત્રીજા સાગર અદાણી સામે ધરપકડ વોરંટ ઈસ્યુ કર્યુ છે.

અગાઉ હિડનબર્ગથી માંડ બહાર આવેલા અદાણી ગ્રુપ અને ગૌત્તમ અદાણી માટે આ એક મોટો ફટકો છે. અમેરિકાની સિક્યુરીટી અને એક્સચેંજ કમીટી દ્વારા ગૌતમ અદાણી પર છેતરપીંડીને લગતા આરોપો મુકાયા છે જેના પગલે એક તરફ ભારતમાં અદાણી ગ્રુપના શેરોમાં કડાકા બોગી ગયા હતા. તો બીજી તરફ અદાણી ગ્રુપએ તેના પ્રોજેકટ માટે ૬૦૦ મીલીયન ડોલર એટલે કે અંદાજે રૂા.૫૦૬૬ કરોડના બોન્ડનો ઈસ્યુ પાછો ખેંચી લીધો છે.

ન્યુયોર્કની એક ડીસ્ટ્રીક્ટ કોર્ટ દ્વારા ધરપકડ વોરંટ ઈસ્યુ કરાતા તે પ્રોસીક્યુટર દ્વારા અમેરિકામાં ફોરેન લો એન્ફોર્સમેન્ટ એજન્સીઓને આ વોરંટ સુપ્રત કરાશે અને તેના પગલે અદાણી કાકા-ભત્રીજાની ધરપકડ પણ કરવા ભારતને ફરજ પાડે તેવી શક્યતા છે.

ગુજરાતના ખાવડા ખાતે અદાણી ગ્રીન એનર્જી દ્વારા વિશ્વનો સૌથી મોટો સોલાર પ્લાન્ટ સ્થાપવામાં આવી રહ્યો છે અને ૨૦૨૦ થી ૨૦૨૪ દરમ્યાન અદાણી ગ્રુપ દ્વારા તેમાં જે રીતે કોન્ટ્રાકટ મેળવવા ભારતમાં બે અધિકારીઓને ૨૫૦ મીલીયન



ડોલરની લાંચ ઓફર કરી હતી આ પ્રોજેક્ટ માટે અમેરિકાના રોકાણકારો અને બેન્કો પાસેથી ત્રણ બીલીયન ડોલરનું ભંડોળ એકત્ર કર્યું હતું અને તેમાં એ હકીકત છુપાવી હતી કે આ કોન્ટ્રાક્ટ મેળવવા તેને ભારતમાં જંગી લાંચની ઓફર કરી છે.

ગૌત્તમ અદાણીના ભત્રીજા સાગર અદાણી કે જે ૨૦૧૫માં આ ગ્રુપમાં હતા અને તેઓ રીન્યુએબલ એનર્જી બીઝનેસ સંભાળે છે. અમેરિકા અદાલત સમક્ષ રજુ થયેલા આરોપનામામાં દર્શાવાયું છે કે ગૌત્તમ અદાણી ઉપરાંત સાત લોકો કે જેમાં સાગર અદાણી ઉપરાંત અદાણી ગ્રુપના અધિકારી અને અમેરિકી કંપનીના એક્ઝીક્યુટીવ સામેલ છે.

તેઓએ ભારતમાં કોન્ટ્રાકટ મેળવવામાં જંગી લાંચ આપવાનો જે વાયદો કર્યો હતો તે અમેરિકી રોકાણકારો સાથે છેતરપીંડી છે, સાગર અદાણી કે જે આ બીઝનેસ સંભાળે છે તેના મોબાઈલ ફોનની વાતચીતો પણ રેકોર્ડ કરી લેવામાં આવી હતી અને તેના આધારે આ ઘટ્ટસ્ફોટ કરાયો છે હવે અદાણી ગ્રુપ સામે અમેરિકામાં આકરા પગલા લેવાય તેવી ધારણા છે તો બીજી તરફ ભાજપમાં તેના રાજકીય પડઘા પણ પડશે તે નિશ્ચિત છે. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે ગૌતમ અદાણી અને સાગર અદાણી માટે ધરપકડ વોરંટ જારી કરવામાં આવ્યું છે. યુ.એસ. સિકયોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશને બંને વ્યક્તિઓ અને અન્ય વ્યક્તિ, સિરિલ કેબેન્સ વિરુદ્ધ સંબંધિત નાગરિક આરોપો દાખલ કર્યા છે. જો કે, યુએસ સરકારે હજુ સુધી અદાણી અને અન્ય વ્યક્તિઓ સામેના ચોક્કસ આરોપો વિશે સંપૂર્ણ વિગતો આપી નથી.

આરોપના સમાચારના થોડા કલાકો પહેલા, અદાણી ગ્રુપના એક યુનિટે યુએસ કોર્પોરેટ બોન્ડ માર્કેટમાં ૬૦૦ મિલિયનની ઓફર માટે પ્રવેશ કર્યો હતો.

# અદાણી ગ્રુપના શેરો મા ૨૦ ટકા સુધી કડાકો

## ગ્રુપની તમામ ૧૦ કંપનીઓના શેરો તૂટયા : અમુકમાં ઉંધી સર્કિટ : ભારે વેચવાલીથી ધબડકો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

અદાણી ગ્રુપના ચેરમેન અને દેશના બીજા સૌથી ધનાઢ્ય ઉદ્યોગપતિ ગૌતમ અદાણી સામે અમેરિકામાં લાંચ અને છેતરપિંડીના આરોપોને કારણે ભારતીય શેરબજારમાં અદાણી ગ્રુપના લિસ્ટેડ શેરોમાં ઘટાડો થયો છે.



અદાણી ગ્રુપના શેરમાં ૨૦ ટકા સુધીનો ઘટાડો નોંધાયો હતો. ગ્રુપની ફ્લેગશિપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝનો શેર ૧૦ ટકા ઘટીને ૨૫૩૯ રૂપિયા પર આવી ગયો હતો અને શેર લોઅર સર્કિટ લાગી હતી. અદાણી પોર્ટ્સમાં પણ ૧૦ ટકા, અંબુજા સિમેન્ટમાં ૧૦ ટકા અને અદાણી પાવરમાં ૧૬ ટકાનો ઘટાડો હતો. શેરબજાર ખુલતાની સાથે જ અદાણી ગ્રુપના શેરો શોકમાં ગરકાવ થઈ ગયા હતા. ગ્રુપની તમામ ૧૦ લિસ્ટેડ કંપનીઓના શેરમાં તીવ્ર ઘટાડો થયો હતો. અદાણી એનર્જી સોલ્યુશન્સનો શેર ૨૦ ટકા ઘટીને ૬૯૭.૭૦ રૂપિયા થયો હતો અને શેર લોઅર સર્કિટમાં અથડાયો હતો. અદાણી ટોટલ ગેસનો શેર ૧૪ ટકા ઘટીને ૫૭૭.૮૦ રૂપિયા, અદાણી ગ્રીન એનર્જીર્નો શેર ૧૮ ટકા ઘટીને ૧૧૫૯ રૂપિયા, અઈઈનો શેર ૧૦ ટકા ઘટીને ૧૯૬૬.૫૫ રૂપિયા થયો હતો. આ ઉપરાંત અદાણી પોર્ટ્સ અને સેઝનો શેર પણ ૧૦ ટકા ઘટીને ૧૧૬૦ રૂપિયા, અદાણી વિલ્મરનો શેર ૮ ટકા ઘટીને ૩૦૧ રૂપિયા પર આવી ગયો હતો.

# વડાપ્રધાન મોદી સર્વોચ્ચ સન્માન ડોમિનિકા એવોર્ડ ઓફ ઓનરથી સન્માનિત

## આ માત્ર મારૂ જ નહીં, ભારતીય લોકો, તેમના મૂલ્યો અને પરંપરાઓનું સન્માનઃ મોદી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ડોમિનિકાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેના સર્વોચ્ચ રાષ્ટ્રીય સન્માન નડોમિનિકા એવોર્ડ ઓફ ઓનરથી સન્માનિત કર્યા છે. ડોમિનિકાના રાષ્ટ્રપતિ સિલ્વેની બર્ટને વડાપ્રધાન મોદીને આ સન્માનથી નવાજ્યા હતા. ફેબ્રુઆરી ૨૦૨૧માં વડાપ્રધાન મોદીએ ડોમિનિકાને કોરોના રસી એસ્ટ્રાઝેનેકાના ૭૦ હજાર ડોઝ સપ્લાય કરીને એક મૂલ્યવાન ભેટ આપી હતી.

વડાપ્રધાન મોદીની આ મદદ બદલ ડોમિનિકાની સરકારે તેમને તેના સર્વોચ્ચ નાગરિક સન્માનથી સન્માનિત કરવાનો નિર્ણય લીધો હતો. પીએમ મોદીએ ડોમિનિકાના સર્વોચ્ચ પુરસ્કારથી સન્માનિત થવા પર રાષ્ટ્રપતિ સિલ્વેની બર્ટન, વડા પ્રધાન રૂઝવેલ્ટ સ્કેરિટ અને ડોમિનિકાના લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો. ડોમિનિકાના સર્વોચ્ચ રાષ્ટ્રીય સન્માનથી સન્માનિત થયા બાદ વડાપ્રધાન મોદીએ કહ્યું કે આ સન્માન માત્ર મારું જ નહીં. પરંતુ ભારતના ૧૪૦ કરોડ લોકો, તેમના મૂલ્યો અને તેમની પરંપરાઓનું છે. આપણે બંન્ને બે લોકશાહી છીએ અને આપણે બંને સમગ્ર વિશ્વ માટે મહિલા સશક્તિકરણના રોલ મોડલ છીએ. તેમણે કહ્યું કે બંને દેશોમાં મહિલા રાષ્ટ્રપતિ છે. ભારત અને ડોમિનિકા વચ્ચે સદીઓ જૂના ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંબંધો છે. ભારત માટે એ ખૂબ જ સંતોષની વાત છે કે અમે કોવિડ-૧૯ જેવી આપત્તિ દરમિયાન ડોમિનિકાના લોકોની મદદ કરી શક્યા.

પીએમ મોદીને સાચા મિત્ર ગણાવતા એમ પણ કહેવામાં આવ્યું કે પીએમ મોદીના નેતૃત્વમાં ભારતે ડોમિનિકાને સ્વાસ્થ્ય, શિક્ષણ અને આઈટી ક્ષેત્રે ઘણી મદદ કરી છે. જળવાયુ પરિવર્તન સામે લડવામાં ભારત ડોમિનિકાને પણ મદદ કરી રહ્યું છે.



અત્યારસુધી ૧૯ દેશના સર્વોચ્ચ નાગરિક સન્માનથી વડાપ્રધાન મોદીને સન્માનિત કરાયા છે જેમાં બાર્બાડોસનો ઓર્ડર ઓફ ફ્રીડમ ઓફ બાર્બાડોસ, ગુયાનાનો ગુયાનાનો ઓર્ડર ઓફ એક્સેલન્સ, ડોમિનિકાનો એવોર્ડ ઓફ ઓનર, નાઈજીરીયાનો ઓર્ડર ઓફ ધ નાઈજર, સેન્ટ એન્ડ્રુ ધ એપોસ્ટલનો રશિયાનો ઓર્ડર, ગ્રીસનો ગ્રાન્ડ ક્રોસ ઓફ ધ ઓર્ડર ઓફ ઓનર, ફ્રાન્સના ગ્રાન્ડ ક્રોસ ઓફ ધ લીજન, ઈજિપ્તનો ઓર્ડર ઓફ ધ નાઈલ, રિપબ્લિક ઓફ પલાઉનો ઈબાકલ એવોર્ડ, પપુઆ ન્યુ ગિનીનો લોગોહુનો ઓર્ડર, ફિજીનો ઓર્ડર ઓફ ફીજી, ભૂટાનનો ઓર્ડર ઓફ ધ ડ્રુક ગ્યાલ્પો, યુએસ સરકારની લીજન ઓફ મેરિટ, બહેરીનના રાજા હમાદનો પુનરુજ્જીવનનો ઓર્ડર, સી માલદીવનો ઓર્ડર ઓફ નિશાન ઈઝુદ્દીન, યુએઈનો ઓર્ડર ઓફ ઝાયેદ એવોર્ડ, અફઘાનિસ્તાનનો ગાઝી અમીરનો સ્ટેટ ઓર્ડર અમાનુલ્લા ખાન, સાઉદી અરેબિયા ઓર્ડર ઓફ કિંગ અબ્દુલ અઝીઝ, પેલેસ્ટાઈનનો ગ્રાન્ડ કોલર ઓફ ધ સ્ટેટ ઓફ પેલેસ્ટાઈનનો સમાવેશ થાય છે.

# સોમનાથ દાદાના સાનિધ્યમાં ત્રિદિવસીય ચિંતન શિબિરનો પ્રારંભ

**મુખ્ય સમાચાર,સોમનાથ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને માર્ગદર્શનમાં રાજ્ય સરકારની ૧૧મી ચિંતન શિબીર તારીખ ૨૧ નવેમ્બર ગુરૂવારથી ૩ દિવસ માટે પ્રસિદ્ધ તીર્થ ક્ષેત્ર સોમનાથ ખાતે યોજાશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વહિવટી અને પ્રશાસનિક કાર્ય સંસ્કૃતિને નવી દિશા આપવા ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન વર્ષ-૨૦૦૩થી ચિંતન શિબીરની શૃંખલા શરૂ કરાવી છે. આ પરંપરાને આગળ વધારતાં ૧૧મી ચિંતન શિબીર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, રાજ્ય મંત્રી મંડળના મંત્રીશ્રીઓ, વરિષ્ઠ સચિવશ્રીઓ, ખાતાના વડાઓ તથા જિલ્લા કલેકટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓની સક્રિય સહભાગીતાથી યોજાવાની છે.

આ ૧૧મી ચિંતન શિબીરમાં જે વિષયો જુથ ચર્ચા અને ચિંતન-મંથન માટે પસંદ કરવામાં આવ્યા છે તેમાં રાજ્યમાં રોજગારીની તકો, ગ્રામ્ય સ્તરે આવક વૃદ્ધિ, સરકારી યોજનાઓમાં સેચ્યુરેશન એપ્રોચ, પ્રવાસન વિકાસમાં જિલ્લાઓ અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનું યોગદાન સહિતના મહત્વપૂર્ણ વિષયોનો સમાવેશ થાય છે.

ચિંતન શિબીરના ત્રણેય દિવસોનો પ્રારંભ સામુહિક યોગથી થશે. એટલું જ નહિ, સેવાઓના સુદ્રઢિકરણ માટે ડિપ ટેકનો ઉપયોગ, આર્ટીફિસ્યલ ઈન્ટેલિજન્સ અને ડેટા એનાલિસીઝ જેવા સમયાનુકુલ વિષયો પર નિષ્ણાતોના માર્ગદર્શક વકતવ્યો પણ યોજાવાના છે.

આ ત્રિદિવસીય શિબીરના સમાપન અવસરે બેસ્ટ જિલ્લા કલેકટર અને બેસ્ટ ડી.ડી.ઓ.ના એવોર્ડસ પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે એનાયત કરાશે.

ચિંતન શિબીરમાં મુખ્ય મંત્રી આજે બપોરે ૨:૩૦ વાગ્યે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ઉદઘાટન થશે. આજે સવારે કેશોદ એરપોર્ટ ઉપર આગમન થયા બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ મોટર માર્ગે શ્રી સોમનાથ ખાતે આવી પહોંચ્યા બાદ શ્રી સોમનાથ મહાદેવ મંદિરે દર્શન કર્યા બાદ બપોરે ચિંતન શિબીર સ્થળે પહોંચનાર છે. રાજ્યના વિકાસને અવરોધતા પરિબળોને દૂર કરવાની સાથે ગુજરાતના વહીવટીતંત્રને વધુ



ચેતનવંતુ કરવા આજથી દ્વાદશ જ્યોર્તિલિંગ માંહેના પ્રથમ એવા સોમનાથ મહાદેવના સાનિધ્યમાં રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ૧૬ કેબિનેટ મંત્રીઓ સહિત તમામ મંત્રીઓ તેમજ રાજ્યના ૧૯૭ સનદી અધિકારીઓ ત્રણ દિવસ ચિતન કરશે. મહત્વની બાબત એ છે કે, તીર્થધામ સોમનાથમાં યાત્રાળુઓને આ ચિતન શિબીરથી મુશ્કેલી ન પડે તે માટે સનદી અધિકારીઓ સરકારી ગાડીઓને બદલે ટ્રેન અને હવાઈ મુસાફરી કરી સોમનાથ પહોંચશે.

આજથી સોમનાથ ખાતે ગુજરાત સરકારની ૧૧મી ચિંતન શિબિર યોજાઈ રહી છે. જેમાં સોમનાથ મહાદેવ મંદિર નજીક વિશાળ ડોમ ઉભો કરવામાં આવ્યો છે.

# શિયાળાનો અસલી મિજાજ શરૂ :સ્પીતિમાં પારો માઈનસ ૮.૮ ડીગ્રી : રોહતાંગ ઝીલ થીજી ગઈ

- હિમાચલ પ્રદેશમાં સડસડાટ તાપમાન નીચે ઉતર્યું : હિમપાતની ચેતવણી



**મુખ્ય સમાચાર,સિમલા**

દેશના હિમાચલ સહિતના ઉતર ભારતના રાજયોમાં છેવટે શિયાળાનો પરચો શરૂ થયો છે. હિમાચલના સ્પતિમાં તાપમાનનો પારો માઈનસ ૮ના સ્તરે સરકી ગયો હતો.

રોહતંગ ઝીલમાં બરફની ચાદર પથરાઈ ગઈ હતી. હવામાન વિભાગે ૨૩ નવેમ્બરે વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ સક્રીય થવાની અને લાકોલ-સ્પીતિ, કુલ્લુ, વરસાદ તથા હિમપાત થવાની આગાહી કરી છે. ગાઢ ધુમ્મસ છવાવાની પણ ચેતવણી આપવામાં આવી છે.

હિમાચલ પ્રદેશમાં તાપમાન સતત નીચે સરકવા સાથે નોર્મલ કરતા ૦.૮ ડીગ્રી નીચે ઉતરી ગયુ છે. સૌથી વધુ ઠંડી લાહૌલ સ્પીતિમાં નોંધાઈ હતી. જયાં પારો માઈનસ ૮.૮ તાબોમાં માઈનસ ૩.૬ તથા સમુદ્રોમાં માઈનસ ૧.૧ ડીગ્રી હતો. સિમલામાં તાપમાન ૭.૬ ડીગ્રી, સુંદરનગરમાં ૫.૮, કલ્પામાં ૧.૨, મનાલીમાં ૨.૪, કુકરીમાં ૭, ડેલાહાઉઝીમાં ૮.૪ ડીગ્રી નોંધાયુ હતું. રોહતંગ પાસમાં બરફની ચાદર જામતા પ્રવાસીઓ ઉત્સાહમાં આવી ગયા હતા.

# દિવાળી સિઝનમાં ૪૫ ટકા ભારતીયોને શોપિંગ સ્કેમ્સ દ્વારા ટાર્ગેટ કરવામાં આવ્યા

- સાઈબર સિક્યોરીટી કંપનીનો ધડાકો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સાયબર સિક્યોરિટી ફર્મ મેકએફી દ્વારા તાજેતરમાં કરાયેલા એક સર્વે મુજબ, દિવાળી સિઝનમાં ૪૫ ટકા ભારતીયોને શોપિંગ સ્કેમ્સ દ્વારા ટાર્ગેટ કરવામાં આવ્યા હતા. દિવાળી દરમિયાન ઓનલાઈન શોપિંગ ફેસ્ટિવલ આવે છે અને આ સમય દરમિયાન ઘણા યુઝર્સને ટાર્ગેટ કરવામાં આવ્યા હતા.

મેકએફી દ્વારા પહેલી ઑક્ટોબરથી ૨૮ ઑક્ટોબર સુધી સરવે કરવામાં આવ્યો હતો. આ દરમિયાન ઘણાં લોકોને વિવિધ પ્રકારના સ્કેમ માટે ટાર્ગેટ કરવામાં આવ્યા હતા, જેમાં ૪૫ ટકા ભારતીયોને શોપિંગને લઈને સ્કેમ કરવામાં આવ્યો હતો. ૪૬ ટકા ટાર્ગેટ કરવામાં આવેલી વ્યકિતઓ છેતરપિંડીનો શિકાર બની હતી.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના કારણે હવે લોકોમાં ડરનું પ્રમાણ વધ્યું છે. સર્વે મુજબ, ગયા વર્ષની સરખામણીમાં ૨૦૨૪ માં ટોટલ ૭૮ ટકા ભારતીયો સ્કેમને લઈને ખૂબ જ ડરી રહ્યા છે. અઈ ને કારણે ચલાવાતા ડીપફેક સ્કેમને કારણે લોકોમાં ડર વધ્યો છે. જો કે, આ ફેસ્ટિવલ દરમિયાન મેકએફી દ્વારા ૨૪,૦૦૦થી વધુ અછક્તને બ્લોક કરવામાં આવી હતી, જેના પર સ્કેમ કરવામાં આવી રહ્યો હતો.

લગભગ ૬૬ ટકા ભારતીયો ડિસ્કાઉન્ટ અને સમયના બચાવને કારણે ઓનલાઈન શોપિંગ કરવાનું પસંદ કરે છે. વધતી જતી ઓનલાઈન



શોપિંગને કારણે સાયબર ક્રિમિનલ્સને મોકળું મેદાન મળ્યું છે. સ્કેમર્સ એમેઝોન અને ફ્લિપકાર્ટ જેવા પ્લેટફોર્મની ડુપ્લિકેટ વેબસાઈટ બનાવીને લોકોને છેતરવાનું કામ કરે છે. આ વેબસાઈટ પર યુઝર્સને ૯૯ ટકા જેટલું ડિસ્કાઉન્ટ આપીને આકર્ષવામાં આવે છે. તેઓ ખરીદી તો કરે છે, પરંતુ તેમના ઘરે કોઈ દિવસ સામાન પહોંચતો નથી.મેકએફી દ્વારા કરવામાં આવેલા સરવેમાં, દિવાળી અને દુર્ગા પૂજા દરમિયાન એટલે કે શોપિંગ માટેના સૌથી મહત્ત્વના સમય દરમિયાન, સ્કેમર્સ દ્વારા ફિશિંગ કરવામાં આવી રહ્યું હતું.

# જમ્મુ - કાશ્મીરમાં આતંકવાદીઓની ઘુસણખોરી પર NIAના મોટાપાયે દરોડા

## રિયાસી અને ડોડા સહિત અનેક વિસ્તારોમાં રેડઃ ઘણાં મહત્વપૂર્ણ દસ્તાવેજો અને શંકાસ્પદ સામગ્રીઓ મળી આવી

**મુખ્ય સમાચાર,શ્રીનગર**

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ સંબંધિત ગતિવિધિઓ પર પોતાની પકડ વધુ કડક કરી છે. એનઆઈએ આતંકવાદી ઘૂસણખોરીના મામલામાં રિયાસી, ડોડા, ઉધમપુર, રામબન અને કિશ્તવાડમાં અનેક સ્થળોએ દરોડા પાડી રહી છે.

સુરક્ષા એજન્સીની આ કાર્યવાહીથી આતંકી સંગઠનોને મોટો ફટકો પડ્યો છે. જ્યારથી જમ્મુ-કાશ્મીરમાં સરકાર બની છે ત્યારથી આતંકવાદી ગતિવિધિઓ વધી છે. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી ૮ સ્થળો પર દરોડા પાડી રહી છે.

અગાઉ લગભગ એક અઠવાડિયા પહેલાં, એનઆઈએએ જમ્મુની બહારનાં બજાલહટામાં એક વ્યક્તિના ઘરને આતંકવાદી ભંડોળની શંકાના આધારે સર્ચ કર્યું હતું. તપાસ દરમિયાન તે વ્યક્તિનાં ખાતામાં ૧૫ લાખ રૂપિયા શંકાસ્પદ રીતે જમા થયા હોવાનું જણાયું હતું. ૧૫ લાખની આ રકમ અમદાવાદનાં મોસ્ટ વોન્ટેડ લિસ્ટમાં સામેલ હુમાયુ ખાન નામનાં ભાગેડુ ગુનેગાર દ્વારા જમા કરાવવામાં આવી છે.

એનઆઈએની તપાસમાં સામે આવ્યું છે કે, સાહિલ અહેમદના કાકા ગુલઝાર અહેમદ મલિક, અબ્દુલ મજીદ મલિકનો પુત્ર વર્ષ ૧૯૯૨માં હિઝબુલ મુજાહિદ્દીનનો આતંકવાદી બન્યો હતો. તે છેલ્લાં કેટલાક સમયથી પાકિસ્તાનનાં




સિયાલકોટમાં રહે છે. એનઆઈએ ટીમે સાહિલ અને તેનાં કેટલાક સંબંધીઓની પણ પૂછપરછ કરી હતી.

જ્યારથી જમ્મુ-કાશ્મીરમાં સરકાર બની છે ત્યારથી આતંકવાદીઓ વધુ સક્રિય થયાં છે. ૧૮ ઓક્ટોબરે શોપિયાંમાં આતંકીઓએ એક મજૂરની હત્યા કરી હતી. આ પછી ૨૦ ઓક્ટોબરે ગાંદરબલમાં કન્સ્ટ્રક્શન કંપનીનાં કેમ્પ પર આતંકી હુમલો કરવામાં આવ્યો હતો. હુમલામાં ડોક્ટર સહિત સાત લોકોનાં મોત થયાં અને પાંચ લોકો ઘાયલ થયાં હતાં.

# મોરબીમાં ફાયનાન્સ પેઢીમાં થયેલ ૭.૦૧લાખની ચોરીનો ગણતરીની કલાકોમાં ભેદ ઉકેલાયો

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના શનાળા રોડ ઉપર આવેલ સત્યમ પાનવાળી શેરીમાં લાઈટ માઈક્રો ફાયનાન્સ કંપનીની ઓફિસમાં થયેલ રોકડા ૭.૦૧ લાખની ચોરીનો મોરબી ક્રાઈમ બ્રાંચ ટીમ દ્વારા શહેરમાં લગાવેલ નેત્રમ કેમેરા તથા હ્યુમન સોર્સના માધ્યમથી ગણતરીની કલાકોમાં ભેદ ઉકેલી ફાયનાન્સ પેઢીના બે કર્મચારી સહિત ચાર ઈસમોની ચોરી કરેલ રોકડ તથા અન્ય મુદ્દામાલ સહિત ૮.૦૧ લાખના મુદ્દામાલ સાથે અટકાયત કરવામાં આવી છે.

મોરબી શનાળા રોડ સત્યમ પાન વાળી શેરીમાં લાઈટ માઈક્રો ફાઈનાન્સ પ્રા.લી. નામની ઓફીસમાંથી ગઈ તા.૧૫/૧૧ના રાત્રીના સાડા દશેક વાગ્યાના સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમોએ ઓફીસના શટ્ટરની ચાવી તથા લોકરની ચાવી બનાવી અથવા કોઈ માસ્ટર કી થી શટ્ટરના તાળા ખોલી ઓફીસમાં રાખેલ તિજોરી ખોલી તેમાં રાખેલ રોકડા રૂપીયા ૭,૦૧,૫૦૦/- ની ચોરી કરી લઈ ગયેલ હોવાની ફરીયાદ ગઈ તા.૧૯/૧૧ના રોજ ફાયનાન્સ પેઢીના બ્રાંચ મેનેજર જીતેંદ્રસિંહ રાજેંદ્રસિંહ જાડેજા દ્વારા નોંધાવવામાં આવી હતી. ઉપરોક્ત બનેલ ઘરફોડ ચોરીના બનાવ બાબતે જીલ્લા પોલીસ અધિક્ષકની સૂચના અંતર્ગત ચોરી કરનાર આરોપીઓને પકડી પાડવા મોરબી એલસીબી પીઆઇ એમ.પી.પંડયાના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી./પેરોલ ફર્લો સ્ટાફની અલગ અલગ ટીમો બનાવી અલગ અલગ દિશામાં તપાસ શરૂ કરી હતી. જેમાં એક ટીમ બનાવ સ્થળની આજુબાજુમાં લગાવવામાં આવેલ નેત્રમ પ્રોજેકટના સી.સી.ટી.વી. ચેક કરવા તેમજ બીજી ટીમે અગાઉ આવા પ્રકારના ગુનાઓમાં પકડાયેલ આરોપીઓને ચેક કરવા અંગેની કામગીરી સોપવામાં આવેલ હતી. તે દરમિયાન તા.૨૦/૧૧ના રોજ ટેક્નીકલ તેમજ હ્યુમન ઈન્ટેલીજન્સના માધ્યમથી હકિકત મળેલ કે, ફાયનાન્સ પેઢીમાં ચોરી કરવા આવેલા ત્યારે ડબલ સવારીમાં એક હોન્ડા કંપનીનુ સાઈન મોટર સાયકલ લઈને આવ્યા



હોય જેમાં ચાલકે માથે કાળા કલરની ટોપી તથા મોઢે રૂમાલ બાંધેલ છે તેમજ પાછળ બેસેલ ઈસમે પોતાનુ મોઢુ તથા માથુ કાળા કલરના કપડાથી ઢાકેલ હતું. જેથી ઉપરોક્ત મોટર સાયકલ તથા વર્ણન વાળા ઈસમોને પકડી પાડવા એલ.સી.બી./પેરોલ ફર્લો ટીમ મોરબી નવલખી રોડ રેલ્વે સ્ટેશન પાસે ભોજાબાપાના પુતળા પાસે વોચમાં હતા, ત્યારે એક મોટર સાયકલ ઉપર બે ઈસમો નિકળતા તેઓને રોકી ચેક કરતા તેઓ બન્ને સી.સી.ટી.વી ફૂટેજના વર્ણન મુજબના હોય જેથી તેઓની અંગ ઝડતી કરતા તેઓની પાસેથી ચોરીમાં ગયેલ રોકડા રૂપીયા તથા મોબાઈલ ફોન તેમજ ચોરી કરવામાં ઉપયોગ કરેલ ચાવીઓ નંગ-૫ સાથે મળી આવતા તેઓ બન્નેની ઉંડાણપુર્વક પુછપરછ કરતા આ ચોરીને તેઓએ પોતાના અન્ય બે મિત્રો સાથે મળી અંજામ આપેલાની કબુલાત આપી હતી, અને તે બન્ને મિત્રો હાલ મોરબી રેલ્વે સ્ટેશન સામે રોડ ઉપર ઉભેલ હોવાની હકીકત જણાવતા ત્યા જઈ તપાસ કરતા બીજા બે ઈસમો મળી આવેલ જેઓની પાસેથી રોકડા રૂપીયા તથા મોબાઈલ ફોન મળી આવતા તેમની અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પકડાયેલ ચાર આરોપીઓમાં બે આરોપીઓ ફાયનાન્સ કંપનીના કર્મચારી હોય તે આરોપી જયભાઈ ઉર્ફે શની પ્રવીણભાઈ સોલંકી ઉવ.૨૪ રહે.મોરબી મહેન્દ્રનગર, ધર્મમંગલ સોસાયટી-૨ તથા અભિષેકભાઈ કિશોરભાઈ દેવમુરારી ઉવ-૨૨ રહે.મોરબી દરબારગઢ રોડ નાગનાથ શેરીવાળા તેમજ ચોરીને અંજામ આપનાર આરોપી મયુરભાઈ ઈશ્વરભાઈ કોટવાલ ઉવ.૨૪ રહે. મોરબી દરબારગઢ વિસ્તાર નાગનાથ શેરી તથા આરોપી વરૂણભાઈ મનસુખભાઈ ડોડીયા ઉવ.૨૧ રહે.મોરબી દરબારગઢ રોડ નાગનાથ શેરી એમ ચારેય આરોપીઓ પાસેથી રોકડા રૂ. ૭,૦૧,૫૦૦/-, ૪ નંગ મોબાઈલ કિ.રૂ. ૬૦ હજાર તથા હોન્ડા સાઈન રજી.નં. જીજે-૦૩-એફપી-૬૬૨૨ કિ.રૂ.૪૦ હજાર સહિત ૮,૦૧,૫૦૦નો મુદ્દામાલ કબ્જે કરી ગણતરીની કલાકોમાં ચોરીનો ભેદ ઉકેલી ચારેય આરોપીઓને આગળની કાર્યવાહી અર્થે સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં સોંપવામાં આવ્યા છે. વધુમાં પકડાયેલ આરોપીઓ પૈકીના બે આરોપીઓ લાઈટ માઈક્રો ફાઈનાન્સ પેઢીમાં નોકરી કરતા હોય અને ઓફીસમાં રાખવામાં આવતી રોકડ રકમની માહીતી તથા ઓફીસની ડુપ્લીકેટ ચાવીઓ બનાવી અન્ય બે આરોપીઓને આપી હતી, જેઓએ મોડી રાત્રીના સમયે ઓફીસના તાળા ખોલી તીજોરીમાં રાખવામાં આવેલ રોકડા રૂપીયા ૭,૦૧,૫૦૦/-ની ચોરી કરી લઈ જઈ ગુનાને અંજામ આપેલ હતો. અંતમાં મોરબી જીલ્લા પોલીસ દ્વારા પ્રજા જોગ સંદેશ આપતા જણાવ્યું છે કે મોરબીના તમામ પ્રજાજનો તથા વેપારીઓ પોતાની દુકાન/ઓફીસમાં કામે રાખેલ કર્મચારીઓની સંપુર્ણ ખાત્રી કર્યા વગર તેઓને પોતાની દુકાન/ઓફીસમાં રાખવામાં આવેલ રોકડ રકમ/કિમતી ચીજવસ્તુઓની માહીતી આપશો નહી તેમજ તેઓનો વિશ્વાસ કેળવ્યા વગર દુકાન/ઓફીસની સંપુર્ણ જવાબદારી/ચાવીઓ આપવી નહી જેથી આવા પ્રકારની ઘરફોડ ચોરીના ગુનાઓ અટકાવી શકાય છે.

# જામનગરની કુંવરબાઈ ધર્મશાળામાં મહાનુભાવોની ઉપસ્થિતિમાં ભૂલકા મેળો યોજાયો



જામનગર મહાનગરપાલિકાની આઈસીડીએસ શાખા દ્વારા કુંવરબાઈ જૈન ધર્મશાળામાં ભૂલકા મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધારાસભ્યો દિવ્યેશ અકબરી અને રિવાજા જાડેજા, મેયર વિનોદભાઈ ખીમસૂર્યા, ડે. વિગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. આંગણવાડી લાભાર્થી બાળકો માટે ખાસ હરીફાઈ રાખવામાં આવી હતી. જેમાં તેઓએ એક કૃતિ રજૂ કરવાની હતી. ઉપરાંત અભ્યાસલક્ષી વેસ્ટમાંથી બેસ્ટની હરીફાઈનું પણ આયોજન થયું હતું. આ સમયે બન્ને વિભાગમાં એકથી પાંચ નંબરના વિજેતાઓ જાહેર કરવામાં આવ્યા હતાં. આઈસીડીએસ વિભાગના અંજનાબેન ઠુમ્મર, પૃથ્વીબેન પટેલ અને કર્મચારીઓ દ્વારા આયોજન થયું હતું.

# જામનગર ભારતીય જનતા પાર્ટીનું સ્નેહ મિલન યોજાયું

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા ઓસવાલ સેન્ટર ખાતે સ્નેહ મિલન નું નૂતન વર્ષ વિક્રમ સવંત ૨૦૮૧ સ્નેહ મિલન યોજાયું. નવા વર્ષ નું નસ્ત્રસ્નેહ મિલનસ્ત્રસ્ત્ર અને સંગઠન પર્વ ના સમન્વય સમયે ભારતીય જનતા પાર્ટી જામનગર મહાનગર દ્વારા ઓસવાલ સેન્ટર ખાતે સ્નેહ મિલન નું આયોજન કરવામાં આવેલ. પક્ષ ના નેતા, હોદેદારો, ઉપરાંત એન.જી.ઓ, સામાજિક સંસ્થા, કાર્યકર્તાઓ ઉપરાંત પક્ષના સમર્થકો પણ ઉપસ્થિત રહ્યા. સ્નેહ મિલન એટલે નવા વર્ષે નવી દિશાઓ, નવા જોશ ને વધાવવા નો અવશર, વર્ષ દરમિયાન પ્રજાહિત માં કરેલ કામગીરી, આગામી સમય ના આયોજન ને રજુ કરવા નો અવશર. કાર્યક્રમની શરૂઆત માં દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ, ભારતીય જનતા પાર્ટી શહેર અધ્યક્ષ ડો. વિમલભાઈ કગથરા દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવેલ. તેઓ એ જણાવેલ કે, આપણે ગત સમય કરતા વધુ સભ્યો જોડેલ છે. તેઓ એ વધુ માં જણાવેલ કે, સંગઠન પર્વ દરમિયાન ભારતીય જનતા પાર્ટી ના કાર્યકર્તાઓ દ્વારા પ્રાથમિક સભ્યો બનાવવા કામગીરી હાથ ધરાઈ, અને જામનગર શહેર માં ૧,૩૫,૦૦૦ થી વધુ સભ્યો ની નોંધણી કરવામાં આવી, સાથે સાથે હાલ પક્ષ માં સક્રિય સભ્યો ની નોંધણી પણ ચાલી રહી છે. આગામી સમય માં વોર્ડ સ્તરના પ્રમુખો ની નિમણુંક ની જેહેરાતો કરવામાં આવેશે. વિશેષ થી તેઓ એ જણાવેલ કે, જામનગર શહેર માટે માનનીય સાંસદ પૂનમબેન માડમ સાંસદ તરીકે, તથા માનનીય નરેન્દ્રભાઈ મોદી એ પ્રધાનમંત્રી તરીકે સતત ત્રીજીવાર સપથ લીધા છે, તેના સાક્ષી અને



સહયોગી આપણે બન્યા છીએ, આપણા માટે ગર્વ ની વાત છે.

ધારાસભ્ય મેઘજી ચાવડા એ પોતાના ઉદબોધન માં જણાવેલ કે, સ્નેહ મિલન એ સ્નેહ થી મળવાનો, કાર્યકર્તાઓ ને સમ્માનનો કાર્યક્રમ છે. નસ્ત્રવાદ નહિ, વિવાદ નહિ - કમળ શિવાય વાત નહિસ્ત્રસ્ત્ર એ યાદ રાખી આવનારા સમય માં ભાજપ ને જિતાડીએ.૭૯ વિધાનશભાના ના ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી એ શહેરમાં વિકાસ કાર્યોનો અહેવાલ કાર્યકર્તા સમક્ષ રજુ કરેલ, જેમાં - જી.જી. હોસ્પિટલ તથા એસ.ટી. બસ સ્ટેન્ડના નવીનીકરણ નું કાર્ય હાથ ધરી દેવામાં આવેલ છે, બ્રુકબોન્ડ ગ્રાઉન્ડમાં જિલ્લા કક્ષાનું સાયન્સ સેન્ટર આશરે ૮૦ કરોડ ના ખર્ચે, બ્રુકબોન્ડ ગ્રાઉન્ડ સ્પોર્ટ સંકુલ ૩૦ કરોડના ખર્ચે તૈયાર થનાર છે.

# મોરબીમાં બહુચર આનંદ ગરબા મંડળ દ્વારા સર્વે પિતૃઓના મોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના બહુચર આનંદ ગરબા મંડળ દ્વારા વર્ષના મહત્વના ધાર્મિક કાર્યક્રમ તરીકે શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે, જેનું આયોજન પિતૃઓના મોક્ષાર્થે તથા ગૌશાળાના લાભાર્થે સાત દિવસીય જ્ઞાનયજ્ઞ મહાયજ્ઞનું આયોજન વિશેષ પ્રાર્થના સાથે કરવામાં આવી રહ્યું છે. આ કથાના મુખ્ય યજમાન પદે મનોરથી વલ્લભભાઈ હરખાભાઈ બારૈયા તેમજ તેમનો પરિવાર રહેશે. શ્રીમદ ભાગવત કથાના વ્યાસાસને વક્તા શાસ્ત્રીજી શ્રી કિશોરઅદા પાઠક બિરાજી પોતાની આગવી શૈલીમાં ભક્તોને આધ્યાત્મિક કથાનું અમૃત રસપાન કરાવશે. શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં આવતા પાવન પ્રસંગોમાં પ્રથમ દિવસે તા.૨૪/૧૧ના રોજ સવારે ૮ વાગ્યે પોથીયાત્રા વિશ્વકર્મા સોસાયટી, વિશ્વેશ્વર મહાદેવ મંદિરથી વાજતે ગાજતે નીકળી કથા મંડપ સુધી પહોંચશે, આ સાથે દેહશુદ્ધિ, ગણપતિ પૂજન તથા ભાગવત મહાત્મય, તા.૨૫/૧૧ના કપીલમુની જન્મ, તા.૨૬/૧૧ના નૃસિંહ પ્રાગટય, તા.૨૭/૧૧ના કથાના ચોથે દિવસે ભગવાન વામન જન્મ, બપોરે ૧૨ કલાકે રામજન્મ, સાંજે ૫ કલાકે કૃષ્ણ જન્મ-(નંદ મહોત્સવ), તા.૨૮/૧૧ ના રોજ પાંચમે દિવસે સાંજે ૫ કલાકે ગોવર્ધન પૂજા, તા.૨૯/૧૧ના છઠ્ઠા દિવસે સાંજે ૫ કલાકે રુક્મિણી વિવાહ, તા.૩૦/૧૧ના રોજ કથામાં સુદામા ચરિત્ર, પરીક્ષિત મોક્ષના પ્રસંગ બાદ કથા પુર્ણાહુતી યોજાશે.આ ભાગવત કથા સવંત ૨૦૮૧ ને કારતક વદ નોમ રવિવાર



તા.૨૪મી નવેમ્બરથી આરંભ થશે અને કારતક વદ અમાસને શનિવાર તા.૩૦મી નવેમ્બરે ભાગવત કથા વિરામ લેશે. ભાગવત કથાનો સમય દરરોજ સવારે ૮ વાગ્યાથી બપોરે ૧૨ સુધી અને બપોરે ૩ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધીનો રાખવામાં આવ્યો છે. કથાનું આયોજન મોરબી એવન્યૂ પાર્ક, ગરબી ચોક ખાતે કરવામાં આવ્યું છે, જ્યાં ભાવિક ભક્તો આ ધાર્મિક કાર્યક્રમમાં જોડાઈને પિતૃઓના મોક્ષ માટે પ્રાર્થના કરી શકે છે. ત્યારે ભાગવત કથાના મુખ્ય યજમાન મનોરથી વલ્લભભાઈ હરખાભાઈ બારૈયા તથા બહુચર આનંદ ગરબા મંડળના પ્રમુખ પૂર્વીબેન નરેન્દ્રભાઈ મહેતા તરફથી સર્વ ધર્મપ્રેમી જનતાને આ ભાગવત કથાનું શ્રવણ કરવા તેમજ આ મહાયજ્ઞમાં સાથ સહકાર સાથે જોડાવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. વધુ માહિતી અને સંપર્ક માટે ૭૨૮૪૦ ૦૦૫૩૮ અને ૯૦૯૯૩ ૨૫૩૮૭૫૨ સંપર્ક કરી શકો છો તેમ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# મોરબી પાલિકામાં જન્મ-મરણ નોંધાણીનું કામ ઝડપી બનાવવા આમ આદમી પાર્ટી દ્વારા ચીફ ઓફિસરને આવેદન

## જન્મ -મરણની નોંધણીમાં લાગતી સમસ્યાનું નિરાકરણ ઝડપથી આવે એ માટે આમ આદમી પાર્ટીની ચીફ ઓફિસરને લેખિત રજુઆત

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી જીલ્લા આમ આદમી પાર્ટીના પ્રભારી પંકજભાઈ રાણસરીયાના માર્ગદર્શન હેઠળ જીલ્લા પ્રમુખ મહાદેવભાઈ પટેલ, મહામંત્રી પંકજભાઈ આદ્રોજા, ઉપપ્રમુખ જસવંતભાઈ કગથરા, મોરબી શહેર પ્રમુખ વિરજીભાઈ ચાવડા, દિવ્યેશભાઈ મગુનીયા રમેશભાઈ સદાતીયા જૈનીથભાઈ ચડાસણીયા દ્વારા મોરબી નગરપાલિકા ચીફ ઓફિસરને એક આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. અત્યારે નવા આધારકાર્ડ માટે જન્મનાં દાખલામાં ફરજીયાત અરજદારનું આખું નામ હોવું જોઈએ એવા નીયમ બનાવવાથી જન્મ દાખલામાં સુધારો કરવા અને નવા જન્મ મરણ નોંધણી



કરવા માટે અરજદારની લાંબી લાઈનો લાગી છે.

હાલ નગરપાલિકા દ્વારા જન્મ-મરણ નોંધણી માટે સીંગલ યુઝર લોગીનમાં ગોકળગાયની ગતીએ કામ ચાલે છે તો આ બાબતે આમ આદમી પાર્ટી દ્વારા રજુઆત કરી કે, જન્મ-મરણ નોંધણીમાં મલ્ટી યુઝર લોગીન કરી અને એક કરતાં વધારે કોમ્પ્યુટર ઓપરેટરો રાખી અને ઝડપી કામગીરી થાય જેથી કરીને આમ જનતાને હાલાકીનો સામનો ન કરવો પડે એ માટે નગરપાલિકા ચીફ ઓફિસરને રજૂઆત કરવામાં આવી હતી.

# પાટણની ધારપુર મેડિકલ કોલેજમાં રેગિંગ વિરૂદ્ધ ABVP મોરબી દ્વારા સિગ્નેચર કેમ્પે





મોરબીઃ પાટણની ધારપુર મેડિકલ કોલેજમાં તાજેતરમાં બનેલી રેગિંગની ગંભીર ઘટનાને ધ્યાનમાં રાખીને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) મોરબી દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ બાબતે જાગૃતિ લાવવાના હેતુથી GMERS મેડિકલ કોલેજ, મોરબી ખાતે વિશાળ સિગ્નેચર કેમ્પેનનું આયોજન કરવામાં આવ્યું હતું. પાટણની ધારપુર મેડિકલ કોલેજમાં રેગિંગ પ્રકરણે અઇટઙ મોરબીના કાર્યકર્તાઓએ આ ઘટનાના વિરોધમાં પોતાની નારાજગી વ્યક્ત કરી અને ગઈકાલ તા.૨૦/૧૧ના રોજ મોરબી GMERS મેડિકલ કોલેજમાં સિગ્નેચર કેમ્પેનું આયોજન કરવામાં આવ્યું હતું.

# મોરબીના મકનસર ગામે જુગારના બે દરોડામાં ચાર પત્તાપ્રેમીઓ ઝબ્બે

મોરબી તાલુકાના મકનસર ગામે જુગારના બે દરોડામાં તીનપત્તીનો જુગાર રમતા ચાર ઈસમોને ઝડપી લેવામાં આવી તેમની સામે જુગારધારા હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ મોરબી તાલુકા પોલીસે ગઈકાલ તા.૨૦ ના રોજ મકનસર ગણે અલગ અલગ બે સ્થળોએ જુગાર અંગે દરોડા પાડ્યા હતા જેમાં ટ્રાન્સપોર્ટ ઓફીસ પાછળ પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમી રહેલા ચેતનભાઇ ચંન્દુભાઇ ઘાટેલીયા ઉવ.૨૬ તથા જીતેશભાઇ વીરજીભાઇ થરેસા ઉવ.૨૬ બંને રહે. નવા મકનસરવાળાને રોકડા રૂ.૯૫૦/-સાથે ઝડપી લેવામાં આવ્યા છે જ્યારે બીજા દરોડામાં નવા મકનસર ગામે પાણીના ટાંકા પાસે ગંજીપત્તાના પાનાંનો રૂપિયાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમી રહેલ મહેશભાઈ ધીરૂભાઈ દેગામા ઉવ.૨૮ તથા વેલજીભાઈ ભીખાભાઈ ચૌહાણ જાતે રાવળદેવ ઉવ.૩૮ બંનેરહે. નવા મકનસરવાળાને જુગારના પટ્ટમાંથી રોકડા રૂ.૧,૨૦૦/-સાથે પકડી લેવામાં આવ્યા છે, તાલુકા પોલીસ દ્વારા બંને દરોડામાં લાકડાયેલ ચારેય આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# રાજુલા પોલીસે બે શંકાસ્પદ વ્યક્તિની પૂછપરછ કરતા ૧૦ મોબાઈલ ચોરી કરેલા મળી આવ્યા



અમરેલી જિલ્લામા નાના મોટી ચોરીઓ ડીટેઈક કરવા માટે જિલ્લા પોલીસ વડા દ્વારા સૂચના આપતા રાજુલા પોલીસ એક્સન મોડમાં આવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે રાજુલા પોલીસ પેટ્રોલિંગ દરમ્યાન ખાનગી બાતમીના આધારે ચોરી કરેલો મુદામાલ હોવાની શંકામાં પૂછ પરછ કરતા ચોરીનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે. આરોપી અમિત વિજયભાઈ સોલંકી રે ચલાલા,અલ્પેશભાઈ મુકેશભાઈ સોલંકી રે.ચલાલા બંને પાસેથી અલગ અલગ કંપનીના ૧૦ મોબાઈલ ચોરી કરેલા મળી આવતા કબ્જે કરવામાં આવ્યા છે જેમાં વિવો સેમસંગ ઓપો સહીત મોબાઈલનો સમાવેશ થાય છે પૂછ પરછ દરમ્યાન ચલાલા વિસ્તાર માંથી મોબાઈલ ચોરી કરી હોવાની કબૂલાત આપી ઉપરાંત ૪ જેટલા મોબાઈલ જૂનાગઢ લીલીપરિક્રમા ગયેલા શ્રદ્ધાળુઓની નજર ચૂકવી ખીચ્ચા માંથી મોબાઈલ ચોરી કરી હોવાની પણ કબૂલાત આપી છે અલગ અલગ વિસ્તાર માંથી મોબાઈલ ચોરીનો ભેદ ઉકેલવામા આવ્યો છે. રાજુલા પીઆઈ વી.એમ.કોલાદરાની ટીમના મધુભાઈ પોપટ,હરપાલ સિંહ ગોહિલ,હરેશભાઈ વાળા,હરેશભાઈ બાંભણીયા,રવિભાઈ વરૂ,ઘનશ્યામભાઈ મહેતા,સહીત પોલીસ કર્મચારીઓને ચોરીનો ભેદ ઉકેલવામાં સફળતા મળી છે.

# LIC મોરબી શાખાના એજન્ટમિત્રો માટે સ્નેહમિલન અને મેગા મીટિંગ યોજાઈ



મોરબીમાં ૧૯ નવેમ્બર, ૨૦૨૪ના રોજ ક્ંઈઈ ઓફ ઈન્ડિયા, મોરબી શાખાના એજન્ટમિત્રો માટે હોટલ જ્વેલથડી સ્યુટ શનાળા રોડ ખાતે સ્નેહમિલન અને મેગા મીટિંગ યોજાઈ હતી. રાજકોટ ડિવિઝનના તલાટીયા સાહેબ અને મોરબી બ્રાન્ચ મેનેજર શુભમ સિંગલા સાહેબે માર્ગદર્શન આપ્યું હતું.મોરબી શહેરમાં ક્ંઈઈ ઓફ ઈન્ડિયાની મોરબી શાખાના તમામ એજન્ટમિત્રો માટે એક સ્નેહમિલન અને મેગા મીટિંગનું આયોજન હોટલ જ્વેલથડી સ્યુટ ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ખાસ મહેમાન તરીકે રાજકોટ ડિવિઝન ઓફિસના તલાટીયા સાહેબ અને મોરબીના બ્રાન્ચ મેનેજર શુભમ સિંગલા સાહેબ હાજર રહ્યા હતા, જેઓએ એજન્ટમિત્રોને કાર્યક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે પ્રેરણાદાયક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. મોરબી બ્રાન્ચના અઈખ મહેતા સાહેબ અને સર્વે વિકાસ અધિકારીઓએ મિટિંગના સફળ આયોજન માટે પથિક પ્રયાસો કર્યા હતા. ખાસ કરીને વિકાસ અધિકારી મયુરભાઈ રાખસીયાએ કાર્યક્રમને સફળ બનાવવા વિશેષ જહેમત ઉઠાવી હતી. આ મીટિંગમાં એજન્ટમિત્રોને નવી યોજનાઓ અને વ્યાવસાયિક પદ્ધતિઓ વિષે માહિતી આપવામાં આવી હતી. અંતમાં ઉપસ્થિત તમામ લોકોએ સાથે રાત્રી ભોજન લઈ સ્નેહમિલન કાર્યક્રમની પુર્ણાહુતી જાહેર કરી હતી.

# વ્યારાનો શખ્સ ખાખી વર્દીમાં અમરેલી બસ સ્ટેન્ડમાં લોકો પાસેથી પૈસા પડાવતો ઝડપાયો

**રિપોર્ટરઃ ઈલ્યાસ કલાણીયા રાજુલા**

સમગ્ર રાજયમા જાણે નકલીની બોલબાલા છે અને અગાઉ અમરેલી જિલ્લામા તત્કાલિન કેન્દ્રીય મંત્રી પુરુષોતમ રૂપાલાના નકલી પીએ સામે ગુનો નોંધાયો હતો અને હવે આજે અમરેલી એલસીબીએ બસ સ્ટેન્ડમાથી નકલી પોલીસ કર્મચારીને ઝડપી લીધો હતો. આ શખ્સ વ્યારાથી અમરેલી આવી ખાખી વર્દીનો રોફ જમાવી લોકો પાસે પૈસા પડાવી રહ્યો હતો.

આ ઘટના અમરેલીના બસ સ્ટેન્ડમા આજે બપોરે બે વાગ્યાના સુમારે બની હતી. જ્યાં એલસીબીના સ્ટાફને એક નકલી પોલીસ કર્મચારી આ વિસ્તારમા ફરતો હોવાની બાતમી મળી હતી. જેને પગલે અહી દોડી જઈ હેડ કોન્સ્ટેબલના યુનિફોર્મમા ઉભેલા શખ્સની પુછપરછ કરતા તે ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો. પોલીસની પ્રાથમિક પુછપરછમા તે



તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકાના ચિતપુર ગામનો અને હાલમા વ્યારામા નવા ડેપો વિસ્તારમા રહેતો ઉમેશ રાહુલભાઈ વસાવા (ઉ.વ.૩૧) હોવાનુ ખુલ્યુ હતુ. આ શખ્સ કયાં ફરજ બજાવે છે તેનુ આઈડી, બકલ નંબર વિગેરે અંગે પુછપરછ કરતા તેણે ગોળગોળ જવાબ આપ્યા હતા. આ શખ્સે બસ સ્ટેન્ડ વિસ્તારમા બે શખ્સો પર રોફ જમાવી નાણા પણ પડાવ્યા હતા. જેને પગલે તેને એલસીબી કચેરીએ લઈ જઈ પુછપરછ કરતા તે બોગસ પોલીસ હોવાનુ ખુલ્યુ હતુ. આ શખ્સ વ્યારાથી સીધો જ અમરેલી આવ્યો હતો અને નકલી પોલીસ તરીકે વધુ કોઈ મોટા કાંડ કરે તે પહેલા જ ઝડપાઈ ગયો હતો. તેણે પોલીસનો ખાખી યુનિફોર્મ પણ પહેર્યો હતો અને ખભા પર ગુજરાત પોલીસના લોગો અને બેઈઝ લગાવેલા હતા. જમણા હાથની બાંય પર પોલીસ હેડ કોન્સ્ટેબલની ફીત મારેલી હતી અને નેઈમ પ્લેટ પણ લગાવેલી હતી. જો કે તેણે કમર પર પહેરેલા નાયલોન પટ્ટા પર ગુજરાત ફોરેસ્ટનો લોગો લગાવેલો હતો.

# રાજુલા તાલુકામાં ૧૭૮ બાળકો અને ૧૩૨ સગર્ભા માતાઓને વિવિધ આરોગ્ય સેવા આપવામાં આવી

**રિપોર્ટરઃ ઈલ્યાસ કલાણીયા રાજુલા**

રાજુલા તાલુકાના ૨૧ સ્થળો પર આયોજીત મમતા દિવસમા ૧૭૮ બાળકો અને ૧૩૨ સગર્ભા માતાઓને આરોગ્ય સેવાઓ અપાઈ હતી. માતા અને બાળકોને આરોગ્યલક્ષી સેવાઓ દ્વારા બાળ મરણ અને માતા મરણ અટકાવવાના ઉતમ હેતુ સાથે આ આયોજન કરાયુ હતુ. તાલુકા હેલ્થ ઓફિસર ડો.નિલેશ વી.કલસરીયા દ્વારા દાતરડી ગામે આંગણવાડી કેન્દ્ર ખાતે આયોજીત મમતા દિવસની મુલાકાત કરી ઓડીકે ચેકલિસ્ટ ભરી આરોગ્ય સ્ટાફ દ્વારા અપાતી આરોગ્ય સેવાઓ તેમજ રસીકરણ બાદ આપવામા આવનાર પાંચ મુખ્ય સંદેશાઓની સમીક્ષા કરવામા આવી હતી.રાજુલા તાલુકાના ૨૧ સ્થળો પર આયોજીત મમતા દિવસમા સગર્ભા માતાઓને વજન,ઉંચાઈ,બ્લડ રિપોર્ટ,યુરીન રિપોર્ટ,ધનુરનુ ઈન્જેક્શન,લોહતત્વની ગોળીનું વિતરણ,બીપીની તપાસ અને પેટની તપાસ કરી મમતા કાર્ડ કાઢી આપવામા આવે છે.જયારે પાંચ વર્ષથી નીચેના



બાળકોને વજન અને રસીકરણ સેવાઓ તેમજ ધાત્રી માતાઓ અને ૧૦ થી ૧૯ વર્ષના કિશોર અને કિશોરીઓને લોહતત્વની ગોળી, તપાસ અને આરોગ્ય શિક્ષણ આપવામા આવ્યુ હતુ. મમતા દિવસની સેવાઓ લેતી સગર્ભા માતાઓને સરકારની જનની સુરક્ષા યોજના,જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ અને પ્રધાનમંત્રી માતૃવંદના યોજનાના ફોર્મ ભરી નાણાકીય સહાય આપવામાં આવે છે. જયારે અતિ જોખમી સગર્ભા માતાઓને ઓળખી તેમની ડિલિવરી મેડિકલ કોલેજ કે જિલ્લાની હોસ્પિટલ ખાતે થાય તે માટે પ્રોત્સાહક સહાય આપવામાં આવે છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું કેશોદ એરપોર્ટ ખાતે ઉમળકાભેર સ્વાગત

## સોમનાથ ખાતે આયોજિત રાજ્યકક્ષાની ૧૧મી ચિંતન શિબિરમાં સહભાગી થવા પધારેલા મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોને આવકારાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનુ જૂનાગઢ જિલ્લાના કેશોદ એરપોર્ટ ખાતે ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. સોમનાથ ખાતે આયોજિત રાજ્યકક્ષાની ૧૧મી ચિંતન શિબિરમાં મુખ્યમંત્રીની સાથે સહભાગી થવા પધારેલા ગુજરાત સરકારના મંત્રીમંડળના મંત્રીઓ સચિવાલયના ઉચ્ચ અધિકારીઓનું ભાવભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીની સાથે રાજ્યના પ્રવાસન તથા વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા, શિક્ષણ અને આદિજાતિ વિકાસ મંત્રી કુબેરભાઈ ડીંડોર, પંચાયત વિભાગના રાજ્યમંત્રી બચુભાઈ ખાબડ સહિતના ઉચ્ચ અધિકારીઓ હવાઈ માર્ગે કેશોદ એરપોર્ટ ખાતે પહોંચતા ભાવભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોશી તથા મનોજકુમાર દાસ, મુખ્યમંત્રીશ્રીના સચિવ અવંતિકા સિંઘ ઔલખ, ખાસ ફરજ પરના અધિકારી ડી.કે. પારેખ, રાજ્યના મુખ્ય સચિવ રાજકુમાર, ઉપરાંત ઉચ્ચ અધિકારી સર્વે ડો. હસમુખ અઢિયા, એસ. એસ.રાઠૌર, શ્રી આર.જી. ગોહિલ, આર. એસ. નિનામા, માહિતી નિયામક કે.એલ. બચાણી સહિતના ઉચ્ચ અધિકારીઓનું ભાવભર સ્વાગત કરવામાં આવ્યું હતું.





મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોના આગમનને વધાવવા કલાવૃંદ દ્વારા સ્વાગત ગીત પર શાસ્ત્રીય નૃત્ય રજૂ કરવામાં આવ્યો હતું.

કેશોદ એરપોર્ટ ખાતે મુખ્યમંત્રીસહિતના મહાનુભાવોને જૂનાગઢ જિલ્લા કલેક્ટર અનિલ કુમાર રાણાવાસિયા, ગીર સોમનાથ જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા, જૂનાગઢના જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાન, ગીર સોમનાથના જિલ્લા વિકાસ અધિકારી સ્નેહલ ભાપકર, રેન્જ આઈજી નિલેશ જાજડીયા, જૂનાગઢ જિલ્લાના પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા, ગીર સોમનાથ જિલ્લાના પોલીસ અધિક્ષક મનહરસિંહ જાડેજા, આસિસ્ટન્ટ કલેક્ટર વંદના મીણા, ધારાસભ્ય દેવાભાઈ માલમ, કેશોદ નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ગોંડલીયા, તાલુકા પંચાયતના પ્રમુખ ભનુભાઈ ઓડેદરા, અગ્રણી સર્વશ્રી ચિરાગભાઈ ભોપાળા, પ્રવીણભાઈ ભાલાળા, ગૌરાંગ વ્યાસ, દિવ્યેશભાઈ વણપરિયા સહિતના પદાધિકારી-અધિકારીઓએ આવકાર્યા હતા.

# પ્રધાનમંત્રી આવાસ યોજનાના ખાલી રહેલા આવાસો સામે ૬૧૦૬ ફોર્મ ભરાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મ્યુનિ. કોર્પોરેશનની ખાલી પડેલી આવાસ યોજનાના ૧૮૩ કવાર્ટર સામે કુલ ૬૧૦૬ ફોર્મનો ઢગલો થયો છે. આ રીતે પ્રથમ વખત ખાલી રહેલા આવાસ માટે હવે ડિમાન્ડ નીકળ્યાનું લાગી રહ્યું છે.



મહાનગરપાલિકા દ્વારા ઈડબલ્યુએસ-૨ અને એમઆઈજી કેટેગરીમાં ખાલી પડેલ આવાસોના ઓનલાઈન ફોર્મ જમા કરાવવાની છેલ્લી તા.૧૬ના રોજ પૂર્ણ થયેલ છે. જેમાં ઈડબલ્યુએસ-૨ કેટેગરીમાં ૧૩૩ આવાસો સામે કુલ-૪૧૭૭ ફોર્મ ભરાઈને પરત આવેલ છે જયારે એમઆઈજી કેટેગરીમાં ૫૦ આવાસો સામે કુલ-૧૯૨૯ અરજીઓ ઓનલાઈન માધ્યમથી આવેલ છે.

તેમ મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીનભાઈ ઠાકર, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડીયા અને હાઉસીંગ સમિતિ ચેરમેન નીતિનભાઈ રામાણીએ જણાવ્યું હતું. એમઆઈજીમાં ત્રણ રૂમના ફલેટ અને કિંમત ૧૮ લાખ છે. જડુસ રેસ્ટોરન્ટ રોડ પર ૧૦, વિમલનગર મેઈન રોડ પર ૭, ૧૫૦ ફુટ રોડ દ્વારકાધીશ હાઈટસ સામે ૧૭ અને મવડી પાળ રોડ પર ૧૬ મળી ૫૦ ફલેટ ખાલી છે. તો ઈડબલ્યુએસ-૨માં ૫.૫૦ લાખના ૧.૫ બીએચકેના ફલેટ છે. તેમાં પુનિતનગર ટાંકા સામે ૫૩, મવડી સેલેનિયમ હાઈટસ સામે ૩૦, મવડી ક્રિસ્ટલ હેવન પાછળ ૫૦ મળી ૧૩૩ ફલેટ ખાલી છે. આ અરજીઓ આવી ગયા બાદ હવે ટુંક સમયમાં ડ્રો કરવામાં આવશે તેમ પદાધિકારીઓએ જણાવ્યું હતું.

# જસદણ તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૭ નવેમ્બરના યોજાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ જિલ્લામાં જસદણ તાલુકા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી તા.૨૭/૧૧/૨૦૨૪ના રોજ સવારે ૧૧ કલાકે જસદણ મામલતદાર કચેરી ખાતે મામલતદારશ્રીના અધ્યક્ષસ્થાને યોજાશે.



આ કાર્યક્રમમાં અરજી કરતાં પહેલાં કોઈ પણ અરજદારે ગ્રામ્ય કક્ષાનો પ્રશ્ન હોય, તો ગ્રામ પંચાયત, તલાટી કમ મંત્રી અને ગ્રામ સેવકને પ્રથમ અરજી કરેલી હોવી જોઈએ અને તે અનિર્ણિત હોય તેમજ તાલુકા કક્ષાનો પ્રશ્ન હોય તો તાલુકાના જવાબદાર અધિકારીશ્રીને પ્રથમ લેખિતમાં રજુઆત કરેલી હોય અને તે અનિર્ણિત હોય તેવા પ્રશ્ન રજૂ કરી શકાશે.

કાર્યક્રમમાં રજુ થતા પ્રશ્નો ગ્રામ, નગરપાલીકા અને તાલુકા કક્ષાએ જ નિર્ણય લઈ શકાય તેવા પ્રશ્નો હોવા જોઈએ અને તે સિવાયના પ્રશ્નો હોય તો જે તે સક્ષમ કચેરીને રજુઆત કરવાની રહેશે. અરજદાર પોતે રૂબરૂ પોતાના પ્રશ્નની જ આધાર-પુરાવા સાથે રજુઆત કરી શકશે. અરજદાર એક જ વિષયને લગતી રજુઆત કરી શકશે. સામૂહિક રજુઆતો નહીં કરી શકે તેમ જસદણ મામલતદારશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# અગાઉ ફ્રીઝ કરેલ બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરતી રાજકોટ શહેર સાયબર ક્રાઈમ પોલીસ

**મુખ્ય સમાચાર,રાજકોટ**




કેસની વિગત જોવામાં આવે તો, એન.સી.આર.પી. નં. ૫૬૩/૨૦૨૩ ની ફરીયાદના કામે રાજકોટ શહેરે સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા અલગ-અલગ વ્યકિતઓના બેંક એકાઉન્ટ નપનો-ડેબીટથથ/ફ્રીઝ કરવામાં આવેલ હતાં. જેમાં તામીલનાડુના કલાકુરીચીમાં રહેતાં અરવીંથ શકથીવેલ નામના વ્યકિતનું તામીલનાડ મર્કન્ટાઈલ બેંક લી. માં આવેલ એકાઉન્ટ પણ નો-ડેબીટ/ફ્રીઝ કરવામાં આવેલ હતું.

અરજદારે કોઈ ગુન્હો કરેલ ન હોવાછતાં તેમનું એકાઉન્ટ ફ્રીઝ થયાની જાણ થતાં જ અરજદારે તેમની બેંક અને રાજકોટ શહેર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનનો વારંવાર સંપર્ક કરેલ પરંતુ, કોઈ યોગ્ય પ્રત્યુતર મળેલ નહીં કે એકાઉન્ટ અનફ્રીઝ પણ થયેલ નહીં.


બાદમાં, અરજદારે રાજકોટ શહેર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનને ઈમેઈલ કરીને તેમનું એકાઉન્ટ શા માટે ફ્રીઝ કરેલ છે તેમજ કયાં વ્યવહારના લીધે ફ્રીઝ કરેલ છે તેની માહિતી માંગવામાં આવેલ તેમછતાં પોલીસ દ્વારા કોઈ માહિતી ન આપતાં અરજદારે રાજકોટ કોર્ટમાં ફો.પ.અ.નં. ૧૫૨૧/૨૦૨૪ થી અરજી દાખલ કરેલ. જેમાં નામદાર કોર્ટે પોલીસ પાસેથી કેસની તપાસ અંગેનો રીપોર્ટ રજુ કરવા નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ. જે નોટીસના અનુસંધાને પોલીસે એકાઉન્ટ અનફ્રીઝ કરી દિધા અંગેનો રીપોર્ટ નામદાર કોર્ટમાં રજુ કરેલ હતો અને અરજદારને ન્યાય મળી જતાં તેમની અરજી પરત ખેંચી લીધેલ હતી. આ કામે અરજદાર વતી રાજકોટના યુવા એડવોકેટ શ્રી ડેનીષ એ. સીણોજીયા રોકાયેલ હતાં.

# વૈશ્વિક રામકથા માટે રૂા.૨૦ કરોડનું વીમા કવચઃ ૪.૬૦ લાખનું પ્રીમિયમ ભરાયું

## કથા દરમિયાન આકસ્મિક ઘટના, આગ, દુર્ઘટના સહિતના જોખમોને આવરી લેવાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સેવાનું પરમ ધામ સર્જવાની નેમ સાથે શહેરની ભાગોળે જામનગર રોડ, પડધરી પાસે સદ્ભાવના વૃદ્ધાશ્રમનું નિર્માણ થવા જઈ રહ્યું છે. તેમજ વૈશ્વિક પર્યાવરણના જતન માટે કરોડોની સંખ્યામાં વૃક્ષો વાવવાના ઉમદા હેતુથી સદ્ભાવના વૃદ્ધાશ્રમ દ્વારા પૂ.મોરારીબાપુની વૈશ્વિક રામકથાનું આયોજન આપણા રાજકોટના આંગણે કરવામાં આવેલ છે. તા.૨૩ નવેમ્બર શનિવારથી રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે માનસ સદ્ભાવના વૈશ્વિક રામકથાનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. અને રામકથાની તૈયારીઓ હવે અંતિમ ચરણમાં છે.



રેસકોર્સ મેદાન ખાતે રામકથા સ્થળ ખાતે જર્મન ડોમ, લાઈટ, મંડપ, સાઉન્ડ એલ.ઈ.ડી.સ્ક્રીન સહિતની વ્યવસ્થાઓ રાખવામાં આવી છે. ભાવિકોની સુરક્ષા માટે સદ્ભાવના વૃદ્ધાશ્રમ ટ્રસ્ટ દ્વારા ૨૦ કરોડનું વીમા કવચ લેવામાં આવ્યું છે.કોઈ આકસ્મિક ઘટના, આગ સહિતના જોખમોને આ વીમા પોલીસીમાં આવરી લેવામાં આવ્યા છે.આઈ.સી.આઈ.સી.આઈ બેંકમાંથી વૈશ્વિક રામકથા માટે વીમો ઉતારવામાં આવ્યો છે.

જેમાં માટે સદ્ભાવના વૃદ્ધાશ્રમના લાભાર્થે પૂ.મોરારીબાપુની માનસ સદ્ભાવના વૈશ્વિક રામકથા તા.૨૩ નવેમ્બર શનિવારથી શરૂ થશે જે પૂર્વે વિરાણી હાઈસ્કૂલથી વિશાળ પોથીયાત્રા નીકળવાની છે.શનિવારે સવારે ૮.૩૦ વાગ્યે વિરાણી હાઈસ્કૂલ ગ્રાઉન્ડથી ભવ્ય પોથીયાત્રા શરૂ થશે જે હેમુગઢવી હોલ, યાજ્ઞિક રોડ, જિલ્લા પંચાયત ચોક, બહુમાળી ભવન થઈ રેસકોર્સ ખાતે પહોંચશે, જેમાં ૨૦૦૦ મહિલાઓ રામચરિત માનસની પોથીને પોતાના મસ્તક પર ઉપાડશે.

શહેરના રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે આગામી તા.૨૩ નવેમ્બર શનીવારના રોજ સાંજે ૪ થી પ્રારંભ થઈ તા.૨૪ નવેમ્બરથી તા.૧ ડિસેમ્બર રોજ સવારે ૯.૦૦ થી બપોરે ૧.૩૦ સુધી રામાયણરૂપી જ્ઞાનગંગાનું પૂ.મોરારીબાપુ રસપાન કરાવશે.આ ભકિતસભર રામકથા શ્રવણપાનનો લાભ લેવા દરેક ધર્મપ્રેમી જનતાને જાહેર નિમંત્રણ પાઠવતા સદ્ભાવના વૃદ્ધાશ્રમ પરિવારની યાદીમાં જણાવેલ છે.

વૃદ્ધ અને વૃક્ષ બંને છાયા આપે છે. રાજકોટમાં વડીલો અને વૃક્ષોના લાભાર્થે વૈશ્વિક રામકથા માનસ સદ્ભાવનાનું આયોજન કરાયું છે. ૨૩ નવેમ્બરથી શરૂ થનારી આ કથાનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે.

# સિટી બ્યુટીફિકેશન અંતર્ગત થતી કામગીરી જોરશોરમા

## અલગ અલગ થીમ આધારિત ચિત્રો તેમજ ડીવાઈડરમાં ગેપ ફીલીંગ અને રંગકામ કરવામાં આવ્યું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાત સરકાર દ્વારા ચલાવવામાં આવી રહેલી સીટી બ્યુટીફીકેશન ઝુંબેશ અન્વયે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ત્રણેય ઝોનમાં વિવિધ શાખા દ્વારા જુદાજુદા વિસ્તાર અને રોડ પર કામગીરી ચાલી રહી છે. જેમાં ત્રણેય ઝોનમાં વોર્ડ વાઈઝ ટીમો બનાવી રોડની સઘન સાફ-સફાઈ, ફૂટપાથ રીપેરીંગ, ડીવાઈર રીપેરીંગ, વોલ પેઈન્ટિંગ, થર્મોપ્લાસ્ટ પટ્ટા/ઝીબ્રા ક્રોસીંગ તથા રાજકોટ મહાનગરપાલિકાની વિવિધ શાખા દ્વારા લગત કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં અલગ અલગ થીમ આધારિત ચિત્રો દોરવામાં આવેલ તેમજ ડીવાઈડરમાં ગેપ ફીલીંગ અને રંગકામ કરવામાં આવ્યું.




શહેરના ઝોન વાઈઝ મેઈન રોડ પર બાંધકામ શાખા દ્વારા ફૂટપાથ રીપેરીંગ, ડીવાઈર રીપેરીંગ, વોલ પેઈન્ટિંગ, થર્મોપ્લાસ્ટ પટ્ટા/ઝીબ્રા ક્રોસીંગ જેવી કામગીરી કરવામાં આવે છે. શહેરમાં આવેલ અન્ડરબ્રિજ/ઓવરબ્રિજની વોલ પર વિવિધ થીમ બેઈઝ પેઈન્ટિંગ કરવામાં આવે છે. બી.આર.ટી.એસ. રૂટ પર રેલીંગને પ્રાઈમર કલર કામ કરવામાં આવેલ છે.

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા ત્રણેય ઝોનમાં સીટી બ્યુટીફીકેશન અન્વયે મેઈન રોડની સાફ-સફાઈની કામગીરી કરવામાં આવેલ છે.

ટ્રાફિક એન્ડ ટ્રાન્સપોર્ટ શાખા દ્વારા ડીવાઈડરને કલરકામ અને થર્મોપ્લાસ્ટ વડે રસ્તા પર સાઈડમાં સફેદ પટ્ટા તેમજ ઝીબ્રા ક્રોસીંગના સફેદ પટ્ટાની કામગીરી કરવામાં આવે છે. ગાર્ડન શાખા દ્વારા સીટી બ્યુટીફીકેશન અન્વયે ડીવાઈડરના છોડનું કટિંગ કામ, રોડ ડીવાઈડર સફાઈ કામ, પાણી આપવાનું કામ, ઝાડની નડતરરૂપ ડાળીઓના કટિંગ કામ વગેરે કરવામાં આવે છે.

રોશની શાખા દ્વારા શહેરના મેઈન રોડ અને ગાર્ડનમાં રહેલ સ્ટ્રીટ લાઈટના પોલને કલરકામ કરવાની કામગીરી કરવામાં આવે છે.

# એટીએમ પર કાર્ડ બદલાવી રૂપિયા ઉપાડી લેતો યુપીનો ઠગ ઝડપાયો



**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં એટીએમ બૂથ પર વહી વૃદ્ધ લોકોને નિશાન બનાવી એટીએમ કાર્ડ બદલાવી છેતરપિંડી કરતો યુપી નો સક્સ ઝડપાયો.

આ અંગેની માહિતી મુજબ ડીસીપી ઝોન વન એલસીબી ટીમના પી.એસ.આઈ બીવી બોરીસાગર ની સૂચનાથી કોન્સ્ટેબલ સત્યજીતસિંહ તથા રવિરાજભાઈ સહિતનો સ્ટાફ મોરબી રોડ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે એટીએમ મશીન પર શંકાસ્પદ રીતે આટા ફેરા કરતો દિપક સિંહ સંતોષી સેગર રહે મોરબી રોડ જકાતનાકા મૂળ વતન ઉત્તર પ્રદેશ અને દબોચી લઈ આખરી પૂછપર જ કરતા એટીએમ મશીન પર અભણ લોકો અને વૃદ્ધ લોકો ને નિશાન બનાવી તેને મદદ કરવાના બહાને એટીએમ કાર્ડ બદલાવી બાદમાં બીજા એટીએમ માંથી રૂપિયા ઉપાડી છેતરપિંડી કરતો હોવાની કબુલાત આપતા પોલીસે રૂપિયા ૨૫,૦૦૦ ની રોકડ અને ચારથી વધુ એટીએમ કાર્ડ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે

# લાખાપર પાસે દુષ્કર્મની ફરિયાદ પાછી ખેચી લેવા ડેરી સંચાલક પર ૮ શખ્સોનો હુમલો

## દૂધ ખાલી કરી પરત ફરેલા બાઈક ચાલકને આંતરી કારમાં ધસી આવેલા શખ્સોએ હાથ-પગ ભાંગી નાખ્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જસદણ તાલુકાના કનેસરા ગામનો ડેરી સંચાલક યુવાન રાજકોટથી દુધ ખાલી કરી પરત જતો હતો ત્યારે લાખાપર ગામ પાસે આંતરી બે કારમાં ધસી આવેલા આઠ શખ્સોએ પમારા ભાઈ વિરૂધ્ધ કરાવેલી દુષ્કર્મની ફરીયાદ પાછી ખેંચાવી લેથ તેમ કહી લોખંડના પાઈપ વડે હુમલો કરી હાથ-પગ ભાંગી નાખ્યા હતા. ઈજાગ્રસ્ત યુવાનને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડી પોલીસે રાયોટીંગનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.જાણવા મળતી વિગત મુજબ કનેસરા ગામે રહેતા ૪૨ વર્ષીય ડેરી સંચાલક યુવાને આજીડેમ પોલીસ મથકમાં નોંધાવેલી

ફરીયાદમાં આરોપી તરીકે ગામમાં જ રહેતા ગૌતમ રૂડાભાઈ મેવાડા, દિપક હીદાભાઈ મેવાડા, હિતેશ ભીખાભાઈ મેવાડા, નિલેશ મેવાડા, ભીખાભાઈ સિધાભાઈ, વિરમસદાભાઈ, સીધ નાથાભાઈ અને વિક્રમ રૂડાભાઈના નામ આપ્યા છે.

ફરીયાદમાં જણાવ્યા મુજબ ગઈકાલે તેઓ પોતાની ગાડી લઈ રાજકોટ દુધ ખાલી કરી પરત જતા હતા ત્યારે લાખાપર ગામ નજીક પહોંચતા બે કારમાં ધસી આવેલા આરોપીઓએ તેમને આંતરી આરોપી ગૌતમે નતે મારા ભાઈ વિપુલ વિરૂધ્ધ કરાવેલી દુષ્કર્મની ફરીયાદ પાછી ખેંચાવી લેથ તેમ કહી તમામ આરોપીઓએ હુમલો કરી ઢીકાપાટુ અને લોખંડના પાઈપ વડે માર મારતા હાથ અને પગમાં ઈજા થતા તેઓ બેભાન થઈ ઢળી પડયા હતા.દરમિયાન લોકોના ટોળા એકઠા થઈ જતા આરોપીઓ કાર લઈ નાશી છુટયા હતા. જેથી ૧૦૮માં તેમને સારવાર માટે પ્રથમ સિવિલ બાદ ખાનગી હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં તબીબો દ્વારા તેમને ૧ હાથ અને પગમાં ફ્રેકચર થયાનું જાણવા મળ્યું છે. આ અંગે આજીડેમ પોલીસે તમામ આરોપીઓ વિરૂધ્ધ રાયોટીંગનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ફરીયાદમાં જણાવ્યા મુજબ ફરીયાદીના કાકીએ આરોપીના ભાઈ વિપુલ વિરૂધ્ધ દુષ્કર્મની ફરીયાદ કરી હોય જેથી ફરીયાદ પાછી ખેંચી લેવાનું કહી હુમલો કર્યો હતો.

# ગેરરીતી કરનાર લોધિકા ગ્રામ પંચાયતના સરપંચને હોદ્દા પરથી દૂર કરતા જિલ્લા વિકાસ અધિકારી નવનાથ ગવ્હાણે

## ગેરરીતિમા સામેલ તલાટી કમ મંત્રીને ફરજ મોકુફ કરાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

લોધિકા તાલુકાના લોધિકા ગામમાં ૧.૦૪ ગુઠા મંજુર થયેલ નવા ગામતળ લે-આઉટ પ્લાનમાં ૩૦૦ ચો.વાર ક્ષેત્રફળના પ્લોટ નં.૬ પર લોધિકા ગામના સરપંચ શ્રી સુધાબેન કિશોરભાઈ વસોયાએ તાલુકા વિકાસ અધિકારીશ્રીને જાણ કર્યા વગર તથા કોઈપણ જાતની પરવાનગી વગર થોરડી રોડ ઉપર આવેલ આ પ્લોટ નં.૬ના સબ પ્લોટીંગ અને દસ્તાવેજ કરી ખુલ્લી હરરાજી કર્યા વગર મળતીયાઓને પ્લોટ ફાળવી દીધો હતો.

સરપંચ દ્વારા પ્લોટ નં. ૬/૧ અને પ્લોટ નં.૬/૨નુ તા. ૧૭ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ વેચાણ કરેલ છે, વધુમાં હરરાજીનું જાહેરનામું પ્રસિદ્ધ કરવાના અને હરરાજીની સંપૂર્ણ કાર્યવાહી કરવાના તાલુકા વિકાસ અધિકારીશ્રીના અધિકારની ઉપરવટ થઈ મનસ્વી રીતે હરરાજીની અપસેટ પ્રાઈઝ નક્કી કરીને અન્ય કુલ ૧૪ પ્લોટની સંપૂર્ણ હરરાજીની પ્રક્રિયા સરપંચ દ્વારા પૂર્ણ કરી પોતાના મળતીયાઓને પ્લોટ ફાળવવામાં આવ્યા હતા. જે અન્વયે જિલ્લા વિકાસ અધિકારી શ્રી નવનાથ ગવ્હાણે દ્વારા લોધિકા ગ્રામ પંચાયતના સરપંચ શ્રી સુધાબેન કિશોરભાઈ વસોયાને પંચાયત ધારાના નિયમ મુજબ દુર્વર્તન, અધિકારોનો દુરુપયોગ, સરકારી તિજોરીને નુકસાન પહોંચાડવું, સત્તા



બહારના કૃત્યો કરવા વગેરે આચરણ માટે હોદ્દા પરથી દૂર કરવામાં આવ્યા છે. આ સાથે તલાટી કમ મંત્રી બી.એલ.મકવાણા દ્વારા સરપંચ સાથે મેળાપીપણું કરી ગેરરીતિ આચરવામાં આવેલ હોય તલાટી કમ મંત્રીને પણ ફરજ મોકુફ કરવામાં આવેલ છે તેમ જિલ્લા વિકાસ અધિકારીશ્રી રાજકોટની યાદી દ્વારા જણાવાયું છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT


# ગુજરાતના અનેક શહેરોમાં ચોરી કરતી છારાગેંગના બે સાગ્રીતો ઝડપાયો

## સાત દિન પહેલાં નકલંક હોટેલના માલિકના સ્કૂટરની ડેકી તોડી ત્રણ લાખની ચોરી સહિત ૪૧ ચોરીના ભેદ ઉકેલાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં છેલ્લા ઘણા સમયથી ચોરીના બનાવોમાં વધારો થઈ ગયો હોવાને કારણે લોકોમાં ગજબનો ભય જોવા મળી રહ્યો છે. બીજી બાજુ પાછલા થોડા દિવસથી સ્કૂટરની ડેકી તોડી રોકડ ઉઠાવી લેતી ગેંગ સક્રિય થઈ હોય પોલીસ દ્વારા તેનું પગેરું દબાવવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા હતા જેમાં સફળતા સાંપડતાં રાજકોટ જ નહીં બોકે આખા ગુજરાતમાં તરખાટ મચાવનારી કુખ્યાત નછારાથ ગેંગના બે લોકોને ડીસીબીએ દબોચી લઈ શહેરની ત્રણ ચોરીના ભેદ ઉકેલી નાખ્યા હતા.

ડીસીબી પીઆઈ એમ.આર.ગોંડલિયા, એમ.એલ.ડામોરના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ.એન.પરમાર, એમ.કે.મોવલિયા સહિતની ટીમે પછારાથ ગેંગના મનિષ ઉર્ફે મનોજ ચોરી કરવા જાય એટલે મોઢે માસ્ક, ટોપી તેમજ હેલ્મેટ પહેરી લેતાંઃ નંબર પ્લેટ પર ચોંટાડવાના સ્ટીકર, રોકડ સહિત ૬.૫૮ લાખનો મુદ્દામાલ કબજે કનૈયાલાલ સેવાણી (રહે.અમદાવાદ), ચંદ્રકાંત ઉર્ફે સોનુ જેન્તીભાઈ પરમાર ઉર્ફે તમંચેને દબોચી લીધા હતા. જ્યારે ગેંગમાં સામેલ પંકજકુમાર જવાહરભાઈ રાઠોડ તેમજ વિશાલ ગારંગી હાથમાં આવ્યા ન હોય તેમની શોધખોળ ચાલી રહી છે. આ ગેંગે સાત દિવસ પહેલાં દોશી હોસ્પિટલ પાસે શહેરની નકલંક હોટેલના માલિકના સ્કૂટર રેઢું પડતાં જ ડેકી તોડીને ચોરીને અંજામ



આપતી હતી.

સ્કૂટરની ડેકી તોડી ત્રણ લાખની રોકડ ચોરીને અંજામ આપ્યો હતો. આ ઉપરાંત ગત પાંચ ઑક્ટરે એક જ દિવસમાં માલવિયાનગર અને આજીડેમ વિસ્તારમાં ચોરીને અંજામ આપ્યો હતો. આ ગેંગ રોકડને જ ટાર્ગેટ કરતી અને ખાસ કરીને આંગડિયા પેઢીઓ બહાર જ રેકી કરતી હતી. જેવી કોઈ વ્યક્તિ રોકડ લઈને સ્કૂટરની ડેકીમાં મુકે એટલે તેનો પીછો કરીને વળી, ચોરી કરવા જાય ત્યારે મોઢા ઉપર ગોળાકાર માસ્ક, માથે ટોપી અને હેલ્મેટ પહેરી લેતા હતા જેથી સીસીટીવીમાં તેમના ચહેરા કેદ ન થાય આમ છતાં પોલીસે તેમને દબોચી લીધા હતા. ડીસીબીએ મનિષ ઉર્ફે મનોજ અને ચંદ્રકાંત ઉર્ફે સોનુના કબજામાંથી ડેકી તોડવાના સાધન, માસ્ક, એ, ક, એ, બી, સી, ડી તેમજ અંગ્રેજી આંકડા લખેલા સ્ટીકર, બેગ, સ્કૂટર, હેલ્મેટ તેમજ ૬ લાખની રોકડ મળી ૬.૫૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. તપાસમાં ખુલ્યા પ્રમાણે મનિષ ઉર્ફે મનોજ કનૈયાલાલ સેવાણીએ રાજકોટ ઉપરાંત ગુજરાતના અલગ-અલગ શહેરોમાં ૪૧ તો ચંદ્રકાંત ઉર્ફે સોનુ જેન્તીભાઈ પરમારે પાંચ ચોરીને અંજામ આપ્યો હતો.

# અમદાવાદમાં ઝડપાયેલ અડધા કરોડના વિદેશી દારૂ પર રોલર ફેરવી દેવાયું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ભારતીય બનાવટના વિદેશી દારૂના ધંધાઓ પર આકરી કાર્યવાહી કરવાના પોલીસ કમિશનર જ્ઞાનેન્દ્રસિંહ મલિક, સેકટર વડા નીરજ બડ ગુજ્જરનાં આદેશ અંતર્ગત સીપી રજા પર જતા ઈન્ચાર્જ સીપી અજય ચોધરી દ્વારા પણ દારૂની હેરફેર સામે નાકાબંધી, દરોડા સહિતની કાર્યવાહી ચાલુ રાખવા આપેલ સૂચના મુજબ ડીસીપી રવિ સનીના માર્ગદર્શન હેઠળ જે ડિવિઝનનાં એસીપી પ્રદીપસિંહ જાડેજા, યુવરાજસિંહ ગોહિલ ટીમ દ્વારા અધધ રકમના દારુનો નિકાલ કરવા કોર્ટનો પરવાનગી મેળવી નિકાલ કાર્યવાહી કરવા રોડ રોલર ફેરવેલ તે સમયે ઘણા હાડો હાડ બંધાણીઓ જેવો લોકોની બોડી લેન્ગવેજ પરથી તેઓનાં હૃદય પર રોલર ફરતું હોય તેવી પીડા થતી હોય તેવું અનુભવી પોલીસ અધીકારીઓને અહેસાસ થયો હતો, અમુકની ચકાસણી કરેલ પણ તે સમયે પબ્લિકના કોઈ પીધેલ જણાયેલ નહીં.



ઉપરોકત કાર્યવાહી સમયે એસડીએમ વસંતકુંવરબા, નશાબંધી અધિક્ષક આર.આર. ઠાકોર તથા ઝોન ૬ વિસ્તારના અધિકારીઓ અને સ્ટાફ ઉપસ્થિત રહી આ કાર્યવાહી પારદર્શી થાય તેવા ડ્કયત્નો સફળ બનાવેલ.

ગુન્હાની વિદેશી દારૂની બોટલ નંગ ૨૫,૫૮૭ કુલ કિંમત રૂ. ૪૯,૮૩,૪૭૮/- ના વિદેશી દારૂનું રોલર ફેરવી અને નારોલ વિસ્તારમાં ચોસર ગામના સરકારી ખરાબાની જમીનમાં ખાતે નાશ કરવામાં આવેલ હતો. અમદાવાદ શહેરના ઝોન ૦૬ વિસ્તારના સાતેય પોલીસ સ્ટેશન ખાતે ભૂતકાળમાં પકડાયેલ અને નાશ કરવામાં આવેલ આશરે ૨૮૬ કેસોના ૨૫૫૦૦ જેટલી વિદેશી દારૂની કુલ કિંમત આશરે અડધો કરોડ થવા જાય છે. આ પહેલા ગયા વર્ષે તા. ૧૦.૧૨.૨૦૨૩ ના રોજ ઝોન ૦૬ વિસ્તારના પોલીસ સ્ટેશનોમાં પકડાયેલ વિદેશી દારૂનો કિંમત રૂપિયા આશરે બે કરોડ સાઈઠ લાખની કિંમતનો વિદેશી દારૂ, ભૂતકાળમાં નાશ કરવામાં આવેલ વિદેશી દારૂની સરખામણીમાં વિક્રમ જનક નિકાલ કરવામાં આવેલ હતો.

# સિવિલ હોસ્પિટલના તંત્ર વાહકોની ઘોર બેદકારીઃ દર્દી અર્ધનગ્ન હાલતમાં લોબીમાં મળ્યો

## હુમલામાં ગંભીર રીતે ઘવાયેલ શ્રમિક બેભાન હોવા છતાં સર્જરી વોર્ડમાંથી બહાર કેવી રીતે પહોંચ્યો?; હોસ્પિટલ તંત્ર ઉપર ઉઠતા સવાલ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સિવિલ હોસ્પીટલમાં સંબંધીત તબીબો કે નર્સિંગ સ્ટાફની વધુ એક ભયંકર બેદરકારીનો શરમજનક કિસ્સો બહાર આવતા જાણકારોમાં ચકચાર જાગી છે. સર્જરી વોર્ડમાં દાખલ દર્દી સવારે બેભાન હાલતમાં લોબીમાંથી મળે તે ઘટના તપાસ માંગી લે તેવી છે. શહેરની સિવિલ હોસ્પીટલમાં વધુ એક ભેદભરમયુક્ત ઘટના બહાર એવી છે. ગઈકાલે બપોરના ૩-૩૦ વાગ્યે કાલાવડ રોડ પર અવધના ઢાળીયા પાસેની એક ચાની દુકાન પાસેથી મનોજ ઉધ્ધવ નામનો ૩૫ વર્ષનો યુવાન શરીરે મારના નિશાન સાથે ચાલતા ચાલતા પડી ગયા બાદ કોઈની જાણ પરથી બનાવ સ્થળે ૧૦૮ એમ્બ્યુલન્સ પહોંચી હતી. અને સાંજના ચારેક વાગ્યાની આસપાસ આ યુવાનને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સિવિલ હોસ્પીટલના સજીર્કલ વોર્ડમાં દાખલ કરાયો હતો. સર્જરી વોર્ડ નંબરમાં દાખલ કરાયેલ મનોજ રાત્રીના ૧૧-૩૦ વાગ્યે સર્જરી વોર્ડમાંથી નાસી ગયાની હોસ્પીટલ દ્વારા પોલીસ ચોકીમાં એન્ટ્રી કરાવાઈ હતી. પરંતુ આ દર્દી મનોજ સવારે સિવિલનાં જુના વોર્ડ ૧૦ના રસોડા પાસે બેભાન હાલતમાં ધ્રુજતો જોવા મળ્યાની સૌ પ્રથમ સંજયભાઈ નામના પટ્ટાવાળાએ હેલ્પડેસ્કને જાણ કરી હતી. બનાવની જાણ પરથી હેલ્પડેસ્કના સ્ટાફે સ્ટ્રેચર મારફત અર્ધનગ્ન હાલતમાં બનીયાન પહેરેલી હાલતમાં મનોજને ફરી દાખલ કરાયો હતો અને આ બાબતે મમતાબેન નામના પુછાવાળાએ પણ સંબંધીત મેડીકલ ઓફિસર ડો.વિવેકભાઈને દર્દી અંગેની જાણકારી આપી હતી.ભેદભરમમાં ઝાળા ત્યારે સર્જાયા કે તા.૧૯ના રોજ સર્જરી વોર્ડમાં



દાખલ કરાયેલ અને પગમા ગંભીર ઈજાથી ચાલી પણ ન શકે તેવી હાલતમાં મનોજ હોવા છતાં તા.૨૦ના રોજ સવારે તે કણસતી હાલતમાં રસોડા નજીકથી અર્ધનગ્ન હાલતમાં કેમ મળ્યો? તબીબોએ પકળાથ કરી કે નર્સિંગ સ્ટાફે પકાલા જાદુંથ કર્યો? તે રામ જાને!! કોણે આચરી બેદરકારી? સીસી કેમેરાના ફૂટેજ તપાસો રાત્રીના વોર્ડમાં દાખલ કરાયેલ દર્દી ભાગી ગયાના બહાના વચ્ચે ભેદી સંજોગોમાં વોર્ડ બહાર, લોબીમાંથી મળી આવે તે વાતમાં માત્રને માત્ર સંબંધીત સ્ટાફની બેદરકારી હોય તો જ શક્ય બને તેવુન જાણકારોનું કહેવું છે. અને આ વાતમાં દુધનું દુધ અને પાણીનું પાણી કરવા તા.૧૯ થી ૨૦ સુધી મનોજને દાખલ કરાયો ત્યારથી અને બહારથી મળ્યો ત્યાં સુધીના સીસી કેમેરાના ફુટેજ તપાસાય તો સત્ય બહાર આવ્યા વગર નહીં રહે તેવું જાણકારોનું માનવું છે.

# કટારિયા ચોકડી પાસે ઝુપડપટ્ટીમાં સાવક પુત્રએ કરી પિતાની હત્યા

## નવું બાઈક લઈ દેવાની ના પાડતાં ખૂની ખેલ ખેલાયોઃ સાવકા પુત્રએ બોથડ પદાર્થના ઘા મારી પિતાનું ઢીમ ઢાળી દીધુંઃ પરિવારમાં ગમગીની છવાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં કટારિયા ચોકડી નજીક કટારીયા શો રૂમ પાછળ ઝૂંપડામાં રહેતાં રાજેશ કુમારપાલે બાઈક લઈ દેવાની ના કહેતાં સાવકા પુત્ર જોગિન્દરએ ઝઘડો કરી બોથર્ડ પદાર્થ મારી દેતાં સારવારમાં રાજેશએ દમ તોડી દેતાં બનાવ હત્યામાં પલટાયો છે.બનાવની પ્રાપ્ત વિગતો મુજબ ફરિયાદી કમલેશબેન રાજેશભાઈ કુમારપાલ (ઉ.વ.૪૦, રહે-કટારીયા ચોકડી પાસે કટારીયા શોરૂમ પાછળ ઝુપડામાં ન્યુ ૧૫૦ ફુટ રીંગ રોડ કાલાવડ રોડ,રાજકોટ, મૂળ હરિયાણા) એ આરોપી તરીકે જોગિન્દર કિશન રામસુરૂપ નામ આપ્યું હતું. જે ફરિયાદમાં જણાવ્યું હતું કે તેણીના પ્રથમ લગ્ન કિશન રામસુરૂપ સાથે થયેલ હતાં. સંતાનમાં ત્રણ દિકરી અને બે દિકરા છે. જેમાં મોટો દિકરો જોગીન્દર અને નાનો મુકેશ છે.

સંતાનોના લગ્ન થઈ ગયેલ છે. અને તેઓ તેમના પરિવાર સાથે અલગ અલગ રહે છે. ફરિયાદીને પાંચ છ વર્ષ પહેલાં કૌટુંબિક ભત્રીજા રાજેશ સાથે પ્રેમ સંબંધ થતાં બંને રાજકોટ રહેવાં આવેલ. અને તેણીને સંતાનમાં નથી રાજેશને પણ ત્રણ લગ્ન થયેલ. છેલ્લા દસ બાર દિવસથી ફરિયાદીનો મોટો દિકરો જોગીન્દર તેમની પત્ની સાથે રાજકોટ રહેવાં આવેલ.

તે કણકોટ પાટીયા પાસે ઝુપડુ વાળીને રહેતાં. ગત તા.૧૮/૧૧/૨૦૨૪ ના રોજ સાંજના સાતેક વાગ્યાં આસપાસ કોમલ અને તેનો પતિ રાજેશ પોતાના ઝૂપડામાં હતાં ત્યારે જોગીન્દર અને તેની પત્ની જમવા માટે આવેલ હતાં. બાદમાં રાત્રીના સાડા નવેક વાગ્યાની આસપાસ



જોગીન્દર હોન્ડા લઈ દેવાનું કહી રાજેશ સાથે બોલાચાલી કરી ઝગડો કરવા લાગેલ. બાદમાં સમજાવટ કરી બંને અલગ ગઈ ગયેલ. થોડી વાર બાદ ફરિયાદી ઝૂપડામાં ગયેલ ત્યારે રાજેશએ બૂમ પાડી બોલાવેલ. ત્યારે તુરંત ત્યાં જતાં રાજેશને માથામાં લોહી નીકળેલ હતું. જે બાબતે પૂછતાં રાજેશે કહેલ કે, જોગીન્દરે મને માથામા મારેલ. અને જોગીન્દર તથા તેમની પત્ની ઝુપડેથી જતા રહેલ હતા. બાદમાં રાજેશને ૧૦૮ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બાદમાં વધુ સારવાર અર્થે વેદાંત હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યો હતો. જયાં સારવાર દરમિયાન મોત નિપજતાં બનાવ હત્યામાં પલટાયો હતો. બનાવ અંગે રાજકોટ તાલુકા પોલીસે હત્યાની કલમ હેઠળ ગુનો દાખલ આરોપી જોગિન્દર કિશન રામસુરૂપની અટકાયતની તજવીજ હાથ ધરી છે.

# ગોંડલમાં ગાંજાના જથ્થા સાથે શખ્સ ત્રીજીવાર ઝડપાયો

## રાજકોટ રૂરલ એસઓજીએ આવાસ ક્વાર્ટરમાં દરોડો પાડી રૂા.૮૫૨૦ની કિંમતનો ૮૫૨ ગ્રામ ગાંજો જપ્ત કર્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ રૂરલ એસઓજીએ આવાસ ક્વાર્ટર માં દરોડો પાડી રૂ.૮૫૨૦ની કિંમતનાં ૮૫૨ ગ્રામ ગાંજા સાથે શખ્સ ને જડપી લીધો હતો.જડપાયેલો શખ્સ અગાઉ બે વખત ગાંજા ની તસ્કરી માં જડપાઈ ચુક્યો છે.એસ.ઓ.જી. શાખાના પીઆઇ એફ.એ.પારગી, પીએસઆઈ બી.સી.મીયાત્રા, સ્ટાફ સાથે ગોંડલ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.તે દરમ્યાન એ.એસ.આઈ. જયવિરસિંહ રાણા, હેડ.કોન્સ. પ્રહલાદસિંહ રાઠોડ, અરવિંદભાઈ દાફડાને સંયુક્ત રીતે બાતમી મળેલ કે, એજાજ ઉર્ફે મામુ દિલાવરભાઈ મકરાણી બ્લોચ ઉ.૩૨ રહે. વોરા કોટડા રોડ ભાડા નાં આવાસ ક્વાર્ટર માં પોતાના રહેણાંક મકાનમાં વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજાનો જથ્થો વેચાણ અર્થે રાખેલ



છે. જેથી દરોડો પાડતા આરોપી તેના ઘરમાંથી મળી આવેલ અને ઘરમાં છુપાવેલ રૂ. ૮૫૨૦ની કિંમતનો ૮૫૨ ગ્રામ ગાંજો જપ્ત કરાયો હતો અને ગોંડલ સિટી બી. ડિવિઝન પોલીસ મથકે એન.ડી.પી.એસ.એકટ મુજબ ગુન્હો રજીસ્ટર કરાવી કાયદેસરની કાર્યવાહી કરાઈ હતી.

ઉલ્લેખનીય છેકે આરોપી મામુ અગાઉ બે વખત ગાંજાના જથ્થા સાથે પકડાયો હતો. જેમાં વર્ષ ૨૦૨૦માં વિરપુર પોલીસ મથકે ૨ કિલો ૧૦૦ ગ્રામ ગાંજાનો કેસ અને ૨૦૨૩માં શાપર પોલીસ મથકે ૨ કિલો ગાંજાનો કેસ આ આરોપી સામે નોંધાયેલ હતો. હાલ આરોપીની ધરપકડ કરી ગોંડલ સિટી બી. ડિવિઝન પોલીસને સોંપવામાં આવેલ છે. આ કામગીરી પીઆઈ એફ.એ. પારગી, પીએસઆઈ બી.સી.મિયાત્રા, એએસઆઈ જયવીરસિંહ રાણા, અતુલભાઈ ડાભી, સંજયભાઈ નીરંજની, હેડ કોન્સ્ટેબલ પ્રહલાદસિંહ રાઠોડ, વિજયભાઈ વેગડ, હિતેશભાઈ અગ્રાવત, અરવિંદભાઈ દાફડા, અમિતભાઈ કનેરીયા, શિવરાજભાઈ ખાચર, કોન્સ્ટેબલ વિજયગીરી ગૌસ્વામી, ચિરાગભાઈ કોઠીવાર, રઘુભાઈ ઘેડ, નરશીભાઈ બાવળીયા ફરજ પર રહ્યા હતા.

# રાજકોટના ગ્રામ્ય વિસ્તારમાં ચોરી કરતી ત્રિપુટી ઝડપાઈ



રાજકોટ જીલ્લામાં છેલ્લા ૨ મહિનામાં વાડી વિસ્તારમાં કેબલ વાયર ચોરીના બનાવો બન્યા હોય આ મામલે ગ્રામ્ય એલસીબીના પીઆઈ વી. વી. ઓડેદરા અને તેમની ટીમે આ ચોરીમાં સંડોવાયેલ ત્રીપુટીને વીરપુરના થોરાળા ગામની સીમમાંથી ઝડપી લીધા હતા. રાજકોટના જંગલેશ્વરમાં રહેતા અમિત ભુપતભાઈ ડાભી તથા ભુપત ભનુભાઈ સોલંકી અને વાંકાનેરના પરેશ ભનુ સોલંકીની ધરપકડ કરી મોટર સાયકલના મેગવીલ અને કોપર વાયર કબજે કર્યો હતો. આ ત્રીપુટીએ છેલ્લા બે મહીનામાં અલગ અલગ ૬ સ્થળોએ વાડી વિસ્તારમાં કોપર વાયર અને મોટર સાયકલની ચોરી કરી હતી. આ ત્રીપુટી પ્રથમ મોટર સાયકલ ચોરી કરી સીમ વિસ્તારમાં જઈ રાત્રીના સમયે કેબલ વાયર ચોરી કરી લેતા હતા અને આ કેબલ વાયર સળગાવી તેમાથી કોપર કાઢી લેતા હતા તે ઉપરાંત ચોરાઉ મોટર સાયકલને ભાંગી તેના અલગ અલગ સ્પેર પાર્ટ ભંગારના ડેલામાં વહેંચી નાખતા હતા. વિરપુર પંથકમાં છેલ્લા બે મહિનામાં થયેલી ૬ ચોરી ઉપરાંત રાજકોટ જિલ્લામાં વાડી વિસ્તારમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે.

# ગોંડલમાં આશાસ્પદ યુવાનને ડેંગ્યુ ભરખી ગયો



ગોંડલમાં મિશ્ર ઋતુનાં અહેસાસ સાથે હાલ ઘરેઘરે માંદગીનાં ખાટલા અને હોસ્પિટલો દર્દીઓ થી ઉભરાતી જોવા મળી રહી છે.ત્યારે ઋતુજન્ય બીમારીઓને ડામવા નગરપાલિકા તથા આરોગ્ય તંત્ર નિષ્ફળ નિવળ્યું હોય તેમ ડેન્ગ્યુને કારણે ભગવતપરામાં રહેતા આશાસ્પદ યુવાન નું મોત નિપજતા પરીવારમાં કલ્પાંત છવાયો હતો.કરૂણતા એ હતી કે યુવાનની પત્ની સગર્ભા હતી.અને પંદર દિવસ પહેલાં તેણીનાં શ્રીમંતનો પ્રસંગ ઘરે ખુશીખુશી ઉજવાયો હતો. ભગવતપરા ચબુતરા સામે રહેતા આશિષભાઈ રમેશભાઈ મકવાણા ઉ.૨૬ નું ડેન્ગ્યુને કારણે રાજકોટ સિવિલ હોસ્પિટલ માં સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું.આશિષભાઈ ને છેલ્લા સાત દિવસ થી શરીર માં તાવ રહેતો હોય પ્રથમ ગોંડલ હોસ્પિટલ અને બાદમાં રાજકોટ સારવાર માં ખસેડાયાં હતા.પરંતુ સારવાર કારગત નિવડી ના હતી. આશિષભાઈ નેશનલ હાઈવે ટોલનાકા પાસે ઝઝ આવેલી ખાનગી કંપની માં સુપરવાઈઝર તરીકે ઉઅત્રઝ્ઝ નોકરી કરતા હતા. પિતા કડીયાકામ કરેછે.બે ભાઈ અને એક બેનનાં પરીવાર માં મોટા હતા. તેનાં પત્ની હાલ સગર્ભા છે. બ્લોક હેલ્થ ઓફિસર ગોયલ નાં જણાવ્યાં મુજબ ચોખ્ખા અને સ્વચ્છ પાણીમાં બેસતા એડીસ મચ્છર ને કારણે ડેન્ગ્યુનો ખતરો સર્જાય છે. ક્ષણો અંગે નગરપાલિકા તથા આરોગ્ય તંત્ર દ્વારા લોક જાગૃતિ કરવી જરૂરી બનીછે.

# ખોડીયારપરા આર્થિક ભીંસથી કંટાળી જૂના ટાયરના ધંધાર્થીનો આપઘાત

રાજકોટમાં વધુ એક માનવ જિંદગીને આર્થિક ભીંસ ભરખી ગઈ છે. જેમાં જુના ટાયરના ધંધાર્થીએ આર્થીકભીંસથી કંટાળી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. આ અંગે વિગત મુજબ રાજકોટમાં પારેવડી ચોક પાસે આવેલા ખોડીયારપરામાં રહેતા પરેશભાઈ શામજીભાઈ સોલંકી નામના ૪૮ વર્ષના આધેડ પોતાના ઘરે હતા. ત્યારે પંખામાં ટુવાલ બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. આધેડને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી મૃત જાહેર કરતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે બી ડિવિઝન પોલીસને જાણ કરતા બી ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો અને પોલીસે જરૂરી કાર્યવાહી કરી આધેડના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મેડિકલ કોલેજ ખાતે ખસેડયો હતો. પ્રાથમિક પૂછપરછમાં મૃતક પરેશભાઈ સોલંકી પાંચ ભાઈમાં નાના હતા અને તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. પરેશભાઈ સોલંકી જુના ટાયરની લે વેચ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા અને પરેશભાઈ સોલંકી આર્થિકીંસથી કંટાળી આત્મઘાતી પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે બી ડિવિઝન પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# અનેક લોકો સાથે છેતરપડી કરનાર શખ્સ પોલીસને ચકમાં આપી ફરાર થઈ ગયો

## ભેજાબાજ શખ્સ ફાયનાન્સ કર્મચારીની ઓળખ આપી લોન આપવાના બહાને ઠગાઈ કરતો'તો

રાજકોટમાં છ ગુનામાં વોન્ટેડ કુખ્યાત મહાવીરસિહ જીતેન્દ્રસિહ સોલંકી નામના સાતીર દિમાગ ધરાવતા શખ્સને થોરાળા પોલીસ મથકના પીએસઆઈ રતન સહિતે મહા મુશીબતે પકડયો હતો આજે સાંજે તેને ગંજીવાડા ચોકીમાં રાખવામાં આવ્યો ત્યારે ત્યારે ફરજ પર રહેલા જમાદાર નીલેશભાઈએ પોતે લઘુશંકા કરવા જાય છે તેમ કહી તે લઘુશંકા કરવા જતા જ તુરંત આરોપી મોકો જોઈને નાસી છૂટ્યો હતો પોતાના મોબાઈલ લેવા પણ ઉભો રહ્યો ન હતો કસ્ટડીમાંથી આરોપી નાસી જતા પોલીસ બેડામાં દોડધામ મચી જવા પામી હતી. રાજકોટની ષસ ભોલેનાથ સોસાયટીમાં રહેતા રોહિતભાઈ રાઘવભાઈ ચૌહાણ ઉ.૨૮એ સાયબર ક્રાઈમ પોલીસમાં મહાવીરસિહ જિતેન્દ્રસિહ સોલંકી સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતુંકે આરોપીએ ફાઈનાન્સ કર્મચારીની ઓળખ આપી પોતે લોન પાસ કરાવી દેશે તેવુ જણાવતા ફરીયાદીના મોબાઈલમાં જ નવી એપ ડાઉનલોડ કરી તેમાંથી ૨.૨૦ લાખની અને રિંગ પે નામની એપ ડાઉનલોડ કરી તેમાંથી ૫૦ હજારની લોન પાસ કરાવડાવી હતી અને તે પછી અલગ અલગ કયુંઆર કોડ મારફતે આરોપીએ મારા ખાતામાં જમા થયેલ લોનની રકમમાંથી પોતાના ખાતામાં ૨,૫૯,૧૫૩ રૂપિયા ટ્રાન્સફર કરી છેતરપિંડી આચરી હતી તે પછી પોતાના ખાતામાં આપેલ સમય મર્યાદા મુજબ કોઈ રકમ જમા નહી થતા પોતાની સાથે છેતરપીંડી થયાની ફરીયાદ નોંધાવી હતી તેમજ રાજદીપ સોસાયટીમાં રહેતા હિતેશભાઈ બાબુભાઈ ઠૂમર ઉ.૩૯એ ઉપરોક્ત આરોપી વિરુધ્ધ માલવિયાનગર પોલીસમાં ૧,૩૩,૩૨૭ની છેતરપિંડી અંગે અને થંટેશ્વરમાં રહેતા લક્ષ્મીનારાયણ વિજય ઠાકુરએ ઉપરોક્ત આરોપી સામે તાલુકા પોલીસ સ્ટેશનમાં ૭૨,૯૮૦ રૂપિયાની છેતરપિંડી અંગે ફરિયાદ નોંધાવી છે.

# દ્વારકામાં વૃધ્ધને હનીટ્રેપમાં ફસાવી લૂંટ ચલાવનાર ટોળકી ઝડપાઈ

## બે મહિલા સહિત પાંચ શખ્સોની ધરપકડ કરી રોકડ સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

દ્વારકામાં રહેતા ૬૧ વર્ષના એક વૃદ્ધને અજાણી યુવતીએ એક સ્થળે મૂકી જવાનું કહીને ગાર્ડનમાં લઈ ગયા બાદ અહીં વાતો કરતા વૃદ્ધ પાસે આવેલા ત્રણ શખ્સોએ મિલીભગત આચરીને મોબાઈલ ફોનમાં રહેલા રૂ. ૩૯,૦૦૦ ટ્રાન્સફર કરાવી તેમજ અન્ય એક આસામીના રૂ. ૪,૦૦૦ ની રોકડ રકમની લૂંટ ચલાવવાનો ચકચારી બનાવ પ્રકાશમાં આવ્યો છે.

આ પ્રકરણમાં સ્થાનિક પોલીસે તાકીદની કાર્યવાહી કરી, બે દંપતી તેમજ અન્ય એક યુવાન સહિત પાંચેય આરોપીઓને દબોચી લીધા હતા.

આ સમગ્ર પ્રકરણની પોલીસ દફતરે જાહેર થયેલી વિગત મુજબ દ્વારકામાં રહેતા ૬૧ વર્ષના એક નિવૃત્ત બ્રાહ્મણ વૃદ્ધ ગઈકાલે મંગળવારે બપોરના સમયે ભડકેશ્વર મહાદેવના મંદિરેથી દર્શન કરીને નીકળ્યા હતા. ત્યારે માર્ગમાં બે અજાણી મહિલાઓ તેમને મળી હતી. આ સ્ત્રીઓએ પોતે દ્વારકામાં કઈ જોયું નથી તેમ કહીને પટેલ સમાજ પાસે મૂકી જવાનું તેમને કહ્યું હતું. આ બહાને બંને સ્ત્રીઓ ફરિયાદીવિપ્ર વૃદ્ધના મોટરસાયકલ પર બેસી ગઈ હતી અને આગળ જતા તેમણે પટેલ સમાજ પાસે આવેલા ગાર્ડનમાં બેસીને વાતો કરવાની લાલચ આપી ત્યાં લઈ ગયા હતા.

અહીં તેઓ પાસે ત્રણ અજાણ્યા યુવાનનો આવ્યા હતા અને બે યુવતીઓ સહિત આ પાંચેય વ્યક્તિઓએ એકસંપ કરીને ફરિયાદી વૃદ્ધને ગાળો કાઢી, ઢીકા-પાટુનો માર માર્યો હતો. આ પછી તેઓએ વૃદ્ધનો મોબાઈલ ઝૂંટવીને તેમનો ઓનલાઈન ટ્રાન્જેક્શનનો પાસવર્ડ જાણી લીધો હતો. ત્યાર બાદ તેમના મોબાઈલમાં એક પેટ્રોલ પંપના કયુ.આર. કોડ સ્કેન કરી અને તેમાં રૂપિયા ૩૯,૦૦૦ ટ્રાન્સફર કરી, ત્યાંથી ઉપરોક્ત રકમ ઉપાડીને આ પ્રકારે લૂંટ ચલાવી હતી.

આટલું જ નહીં, અનિલકુમાર નામના એક આસામીને પણ ચીટર ટોળકીએ થોડા દિવસ પૂર્વે બિઝનેસ માટે થોડા દિવસ પૂર્વે અવાવરૂ સ્થળે બોલાવી અને આ પ્રકારે રૂપિયા ૪,૦૦૦ ની રોકડ રકમની લૂંટ ચલાવી હોવાનું પણ આ પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે.

આ સમગ્ર બનાવવા અંગે દ્વારકા પોલીસે વિપ્ર વૃદ્ધની ફરિયાદ પરથી બે અજાણી સ્ત્રીઓ તથા ત્રણ અજાણ્યા પુરુષો મળી કુલ પાંચ શખ્સો સામે ભારતીય ન્યાય સંહિતાની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધ્યો છે. જે અંગે આગળની તપાસ ડીવાયએસપી સાગર રાઠોડના માર્ગદર્શન હેઠળ પી.આઈ.



ડી.એચ. ભટ્ટ તથા તેમની ટીમ દ્વારા હાથ ધરવામાં આવી હતી.

પોલીસ તપાસમાં ફરિયાદી દ્વારા આપવામાં આવેલી કેટલીક વિગત તેમજ સીસી ટીવીના આધારે એક યુવાનની ઓળખ થયા બાદ પોલીસે કોમ્બિંગ તેમજ તપાસ અંગેની. કામગીરી કરી, આ પ્રકરણમાં બે મહિલાઓ તેમજ ત્રણ પુરુષોની અટકાયત કરી હતી. જેમાં બે દંપતિનો સમાવેશ થાય છે. ઝડપાયેલા આરોપીઓમાં રાહુલ જીલુભા ઉધરડા, સોનલ રાહુલ, રમેશ કાનજી સંઘાર અને સુનીતા રમેશ તેમજ સુમિત જીતેન્દ્ર દુબેનો સમાવેશ થાય છે. ઝડપાયેલો સુમિત એક મહિલાનો ભાઈ થાય છે. વૃદ્ધને લોભામણી લાલચ આપીને ધાડના આ બનાવમાં આરોપીઓને દ્વારકા પોલીસે ઝડપી લઈ, આગળની તપાસ હાથ ધરી છે. ત્યારે સમાજમાં લાલબત્તીરૂપ આ કિસ્સાએ દ્વારકા પંથકમાં ચર્ચા જગાવી છે.